# साबरमती

नदीमुखेनैव समुद्रमाविशेत्

અંક:05 | 2026

મે (જેઠ)

# સાંકળિયું


1. **1 મે - આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ** 4
   - દિલીપ સોલંકી

2. **મહાગુજરાત ચળવળ: 'ગુજરાત' રાજ્ય રચનાની ઐતિહાસિક ગાથા** 6
   - ડૉ. રાહુલ વનાણી

3. **AI ચેટબોટ્સ આધારિત તાકાત: ભવિષ્ય પર કોણ નિયંત્રણ રાખશે?** 10
   - જિતેન્દ્ર ઢેબરીયા

4. **મહારાણા પ્રતાપ : ઇતિહાસલેખન અને ઐતિહાસિક દષ્ટિકોણોનું વિશ્લેષણ** 13
   - દર્શન એન. મકવાણા

5. **રવીન્દ્રનાથ ટાગોર : જીવન અને સાહિત્યની એક ઝલક** 16
   - સરોજ ગોઢાણીયા

6. **વાલીઓની ખોટી ચિંતાને વ્યકત કરતું ગીત : 'સે સોરી ! માય સન, સે સોરી !'** 19
   - નીતિન ઢાઢોદરા

7. **પ્રવૃત્તિ દર્પણ** 22
   - શ્રી અદ્વૈતા દવે
     - અક્ષર આરાધના અને જ્ઞાન સંચયના પ્રકલ્પો
     - સંશોધન સંગોષ્ઠી
     - કારકિર્દીની નવી દિશા
     - અન્ય પ્રવૃત્તિઓ





**તંત્રી**
ડૉ. હર્ષદ પટેલ

**પ્રકાશક**
ડૉ. હિમાંશુ પટેલ

**મુખ્ય સંપાદક**
ડૉ. ધ્વનિલ પારેખ

**સંપાદન મંડળ**
ડૉ. ધારાબેન વઘાડિયા
ડૉ. વિક્રમસિંહ અમરાવત
ડૉ. નીતિન ઢાઢોદરા
શ્રી જિતેન્દ્ર ઢેબરીયા
શ્રી અદ્વૈતા દવે

**ગ્રાફિક ડિઝાઇન**
યોગેશ પ્રજાપતિ

**ફોટોગ્રાફ્સ**
ધ્રુવ દવે

# સંપાદકીય લેખ

**ડૉ. ધ્વનિલ પારેખ**

સૂરજ દેવતા એમનો પ્રકોપ વર્તાવી રહ્યા છે. મે મહિનો એટલે તાપનો મહિનો શરીર ગરમી સહન ન કરી શકે અને એની અસર માનસિક રીતે પણ થતી હોય છે. નિરંજન ભગત જરા જુદી રીતે આવી વાતને એક કાવ્યમાં જુએ છે. વરસાદના કકળાટ કરતા ઉનાળાનો ઉકળાટ એમને વધારે માફક આવે છે. ખેર, ગૂજરાત વિદ્યાપીઠ માટે આ મહિનો એટલે વિદ્યાર્થીઓનાં પરિણામનો મહિનો. વિદ્યાર્થીઓને પરિણામ મળી જશે અને સહુ આનંદ સાથે પોતપોતાના વતન તરફ પ્રયાણ કરશે. છેક, 1 જુલાઈએ ફરી નવું સત્ર શરૂ થશે અને સંકુલ ફરી કલરવતું થઈ ઊઠશે.

મે મહિનો ગુજરાત રાજ્ય માટે પણ અગત્યનો મહિનો છે. 1 મે, 1960 ગુજરાત રાજ્યના સ્થાપના દિવસની સાથેસાથે મહાગુજરાતની ચળવળને પણ યાદ કરવાનો દિવસ. વિશ્વ કક્ષાએ મજૂર દિવસ તરીકે પણ 1મે ને યાદ કરવામાં આવે છે. 'સાબરમતી'ના આ અંકમાં આ બંને ઘટનાઓને જુદાજુદા વિદ્યાર્થીઓએ પોતપોતાની રીતે મુલવી છે. ટેકનોલૉજીના અતિક્રમણ વિશે સતત વાતો થતી રહે છે પણ ભવિષ્ય વિષે શું? AI પર નિયંત્રણ કોનું રહેશે? આ બધા પ્રશ્નોની છણાવટ પણ અહીં એક લેખમાં કરવામાં આવી છે. બે મહાનુભાવોનું સ્મરણ પણ અહીં કરવામાં આવ્યું છે. મહારાણા પ્રતાપ અને કવિગુરુ રવીન્દ્રનાથ ટાગોર. બંનેનું વ્યક્તિત્વ જુદું છે. પણ બંને ભારતીય છે અને બંનેની મહત્ત્વની ભૂમિકા ભારતીય ઇતિહાસમાં રહી છે. આજના બાળકોને લઈને વાલીઓ જે રીતે ચિંતિત છે, એના પર કટાક્ષ કરતા રઈશ મનીઆરના એક ગીતનો આસ્વાદ પણ આ અંકમાં રજૂ થયો છે. એકંદરે આ અંકની સામગ્રીમાં વૈવિધ્ય જાળવવાનો પ્રયત્ન જોઈ શકાય છે.

મે મહિનો, વિદ્યાર્થીઓની પાંખી હાજરી હોય એ સમજી શકાય એમ છે. વિદ્યાર્થીઓની અનુપસ્થિતિમાં પ્રવૃત્તિઓ પર પણ અસર થાય એ સ્વાભાવિક છે. ગૂજરાત વિદ્યાપીઠની દીર્ઘ પરંપરામાં એની પ્રકાશન પ્રવૃત્તિ પણ મહત્ત્વનું અંગ રહી છે અને રહેશે. ત્રણ જુદાંજુદાં પુસ્તકોના લોકાર્પણનો એક કાર્યક્રમ યોજાયો હતો. ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા એક મહત્ત્વની પહેલ કરવામાં આવી તે 'જ્ઞાનસંચય.' 'આપનું પુસ્તક, સૌનું પુસ્તક' જેવા ઉમદા આશયથી આ પહેલ કરવામાં આવી અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયને પ્રથમ તબક્કે વિવિધ પ્રકારના 4000 પુસ્તકો પ્રાપ્ત થયાં. આ અભિયાન હવે દર મહિનાના પહેલા રવિવારે ચાલુ રહેશે. સમાજ પ્રત્યેની એક જુદા પ્રકારની નિસ્બત પણ અહીં દેખાય છે.

વિવિધ પ્રકારની કેરીની સોડમ આવી રહી છે ત્યારે નયન હ. દેસાઈની પંક્તિઓ યાદ આવે –

"કેસર કેરી વાવી, ગણદેવી ગામ મારે,
ટોળાં પંખીઓનાં આવ્યા ઇનામમાં રે...
એની મહેક ગગનમાં ઘૂમે."

ગગનમાં કેરીઓની મહેક ઘૂમી રહી છે ત્યારે આપણે પણ એનો સ્વાદ માણીએ અને તડકાના ઉકળાટને દૂર કરીએ. અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થી મિત્રોને વેકેશનની શુભેચ્છાઓ !

# આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ

## 1 મે

– દિલીપ સોલંકી
સમાજશાસ્ત્ર વિભાગ, બી.એ. સત્ર-6

**1 મે**નો દિવસ સમગ્ર વિશ્વમાં મજૂર દિવસ, શ્રમિક દિવસ અથવા 'મે ડે' (May Day) તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ કામદારોના યોગદાનની પ્રશંસા કરવાનો તેમના અધિકાર માટે અવાજ ઉઠાવવાનો અને સમાજમાં તેમને સન્માન આપવાનો દિવસ છે. મજૂર દિવસની શરૂઆત 1 મે 1886ના રોજ અમેરિકામાં થઈ હતી. જ્યારે મજૂરોએ કામના કલાકો દરરોજ 8 કલાક નક્કી કરવાની માંગ સાથે હડતાલ કરી હતી. આ આંદોલનનો ઉદ્દેશ્ય મજૂરોના કામની પ્રશંસા કરવી, તેમના અધિકારોનું રક્ષણ કરવું અને કામના કલાકો નક્કી કરવા. 1889માં આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદે શિકાગોના આંદોલનકારીઓની યાદમાં 1મેને આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી. મજૂર મંડળ કે કામદાર સંઘને જુદા-જુદા વિદ્વાનોએ જુદા-જુદા દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયત્ન કર્યો છે. બર્ટિસ વેબર કહે છે "મજૂર મંડળ વેતન કમાનારાનું એક સાતત્યપૂર્ણ મંડળ છે કે જેનો હેતુ તેમની કામની પરિસ્થિતિને જાળવી રાખવાનો અથવા સુધારવાનો હોય છે". કાર્લ માર્કસ કહે છે એ પ્રમાણે મજૂર મંડળોના સ્વરૂપે આ સંગઠનના કેન્દ્રોમાં કામદારોની શક્તિ સંગઠિત કરીને ગુલામીની દશામાંથી બહાર કાઢવાનો ઉદ્દેશ્ય હોય છે. મજૂર મંડળોનો ઉદ્‌ભવ ઔદ્યોગિક ક્રાંતિના લીધે થયો. ફ્રેંક ટોનનબામ એવું કહે છે કે "મજૂર પ્રવૃત્તિ પરિણામ છે અને મશીન તે માટેનું મુખ્ય પરિબળ છે". મજૂર પ્રવૃત્તિએ શરૂઆતમાં ઘણી મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું. ભારતમાં આમ છતાં એકંદરે મજૂર પ્રવૃત્તિઓનો વિકાસ સરળ રહ્યો છે. ભારતમાં પ્રારંભમાં ઔદ્યોગિકરણ ઓછું હોવાથી ઔદ્યોગિક વસતિ જ ઓછી હતી. હજુ પણ ઔદ્યોગિક વસતિનું પ્રમાણ ખેતીમાં રોકાયેલી વસતિ કરતા ઓછી છે. જગતના વિવિધ દેશોમાં ઔદ્યોગિકરણના કારણે કામદાર વર્ગો અસ્તિત્વમાં આવ્યા એવું કહી શકાય. આ અગાઉ ઉત્પાદનની પદ્ધતિમાં મોટા ભાગે ઉત્પાદક પોતે જ કામદાર હતો જેને કુટિર ઉદ્યોગો કે કુટુંબના માણસો દ્વારા મજૂર સંબંધો હતા નહીં. પરંતુ મોટા ઉદ્યોગોની શરૂઆત થતા આ પ્રકારના સંબંધો અસ્તિત્વમાં આવ્યા અને તેના કારણે સામાજિક વ્યવસ્થા પણ પરિવર્તન પામી. તેમાં રાજ્ય, ઉદ્યોગપતિઓ કે મૂડીપતિઓ અને કામદારો એમ ત્રણેના સંબંધની વ્યવસ્થાનો ઉદ્‌ભવ થયો, જેથી મૂડીવાદનો પ્રારંભ થયો. સમયાંતરે માર્કસના વિચારોના કારણે સામ્યવાદી ક્રાંતિ પણ થઈ. આમ, છતાં તમામ દેશોમાં આ ઘટનાઓ સમાન દિશા પામી નથી. જગતની પ્રાચીન સંસ્કૃતિઓનો વિકાસ નાઈલ અને ગંગાના કાંઠે થયો હતો. પરંતુ અર્વાચીન જગતનો પ્રારંભ ગ્રેટબ્રિટનના ટાપુઓમાં થયો. જે સમયે ભારત અને ઈજિપ્ત જેવા દેશોની સંસ્કૃતિ મોખરે હતી ત્યારે યુરોપના ઘણા દેશો પાછળ હતા. પરંતુ અઢારમી અને ઓગણીસમી સદીમા પરિસ્થિતિ ઘણી બદલાઈ હતી. ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં ત્યાં પણ નાના પાયા પર અને કુટિર ઉદ્યોગોના ધોરણે ઉત્પાદન થતું હતું. માત્ર કામદાર વર્ગ ગણાય તેવો વર્ગ અસ્તિત્વમાં હતો નહીં.



ખેતી અને પોતાના વ્યવસાયો ઉપરાંત આવા ઉદ્યોગોમાં નોકરી કરનારો વર્ગ સંપૂર્ણપણે એક જ ક્ષેત્રમાંથી આજીવિકા કે કામ મેળવતો ન હોવાથી તેમનું મંડળ કે સંઘ બનાવી શકાય તેમ નથી. ઔદ્યોગિક ક્રાંતિના લીધે માત્ર વેતન ઉપર જ નભનારો એક અલગ વર્ગ અસ્તિત્વમાં આવ્યો. આ વર્ગ ખેતીક્ષેત્રમાંથી ખેંચાઈને આવ્યો હતો. ભારતમાં મજૂર પ્રવૃત્તિનો પ્રારંભ 1877ની નાગપુરની એમ્પ્રેસ મિલની હડતાલથી થયો. 1882 થી 1890ના ગાળામાં આ પ્રવૃત્તિ વધી અને આ ગાળામાં મુંબઈ અને મદ્રાસ ઇલાકામાં 25 હડતાલો પડી. 1884માં નારાયણ મેઘાજી લોખંડે નામના કામદારે સૌપ્રથમ કામદાર પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. તેમણે મુંબઈના કામદારોની એક સભા બોલાવી. એક આવેદનપદત્ર તૈયાર કર્યું. તેમાં અઠવાડિક રજા, કામના નિશ્ચિત કલાકો તથા કામદારોની અન્ય મુશ્કેલીઓ નિવારવાની માંગણીઓ કરવામાં આવી. 1914-18ના પ્રથમ વિશ્વયુદ્ધની પૂર્ણાહુતિ સાથે ભારતની મજૂર પ્રવૃત્તિમાં પણ અન્ય દેશોની જેમ નવી શરૂઆતો થઈ. યુદ્ધમાંથી પાછા ફરેલા સૈનિકોએ રશિયન ક્રાંતિ (જે 1917માં થઈ) તથા માર્કના વિચારોનો સમાજમાં ફેલાવો કર્યો. 1918, 1919 અને 1920ના હડતાલોનાં મોજાં ઉપરા-છાપરી આવ્યાં. આ ઘટનાઓમાંથી ભારતના ઔદ્યોગિક કામદારોનું પ્રથમ સંગઠન શરૂ કરવાનું કામ શ્રી બી.પી. વાડિયાએ કર્યું. આઝાદી પછી ભારતમાં મજૂર પ્રવૃત્તિનાં વલણો બદલાયાં. આઝાદી પછીની સ્થિતિમાં મજૂર પ્રવૃત્તિ પર રાજકારણોનો પ્રભાવ શરૂ થયો. આઝાદી પછીના મંડળો (AITUC – All India Trade Unioun Congress) (Intuc - Indian National Trade Unioun Congress), (HMS – Hind Mazdoor Sabha) જેવાં મંડળો કાર્યરત હતાં.

આજે જે આપણે 8 કલાક કામ અને અઠવાડિક રજા જેવી સુવિધાઓ જોઈએ છીએ તે આ શ્રમિકોના બલિદાન અને સંઘર્ષનું પરિણામ છે. ભારત જેવા દેશમાં મજૂરોનું ખૂબ મોટું મહત્ત્વ છે. પછી તે ખેતરમાં કામ કરતો ખેડૂત હોય કે રસ્તા બનાવતો શ્રમિક, તેમના વિના આધુનિક ભારતની કલ્પના અશક્ય છે. માર્કસનું સૌથી પ્રખ્યાત વાક્ય છે : "અત્યાર સુધીના તમામ સમાજનો ઈતિહાસ એ વર્ગ સંઘર્ષનો ઈતિહાસ છે. તેઓ માનતા હતા કે સમાજ હંમેશાં બે મુખ્ય વર્ગોમાં વહેંચાયેલો રહ્યો છે. મૂડીવાદી વર્ગ – આ તે લોકો જેમની પાસે પૈસા છે અને જેઓ ઉદ્યોગો, કારખાનાં અને જમીનના માલિક છે. મજૂર વર્ગ – આ તે લોકો છે જેમની પાસે ઉત્પાદનનું કોઈ સાધન નથી અને જેઓ પોતાનું ગુજરાન ચલાવવા માટે કારખાનાંઓમાં મજૂરી કરે છે. મૂડીવાદમાં હંમેશાં મજૂરોનું શોષણ થાય છે. મજૂરો જે વસ્તુઓ બનાવે છે તેની સાચી કિંમત કરતા તેમને બહુ ઓછો પગાર મળે છે. જે વધારાનો નફો મૂડીવાદીઓ પોતાના ખિસ્સામાં નાખી દે છે, જેના કારણે અમીર વધુ અમીર બને છે, અને ગરીબ વધુ ગરીબ. માર્કસ સામ્યવાદના હિમાયતી હતા. તેઓ અનુસાર સમાજ વર્ગવિહીન હોય. દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા મુજબ કામ કરે અને દરેકને તેની જરૂરિયાત મુજબ વસ્તુ મળે. જમીન, કારખાનાં અને સંપત્તિ પર કોઈ એક વ્યક્તિનો માલિકીહક ન હોય, પરંતુ આખા સમાજનો હોય. ગાંધી પણ સર્વોદયની વાત કરે છે. પરંતુ માનવ ઈતિહાસમાં આવો સમય ક્યારેય આવ્યો નથી અને આવશે કે કેમ તે પ્રશ્નાર્થ છે?

"દુનિયા ભરના મજૂરો એક થાઓ". -કાર્લ માર્કસ



# મહાગુજરાત ચળવળ: ગુજરાત રાજ્ય રચનાની ઐતિહાસિક ગાથા

– ડૉ. રાહુલ વનાણી
ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ,
ભૂતપૂર્વ પીએચ. ડી. સ્કૉલર

## 1. પ્રાસ્તાવિક

ગુજરાતના ઇતિહાસમાં મહાગુજરાત ચળવળ એક એવો નિર્ણાયક વળાંક હતો, જેણે રાજ્યની ભૌગોલિક રચનાની સાથે સાથે ગુજરાતી જનમાનસમાં આત્મગૌરવ અને સાંસ્કૃતિક એકતાનો નવો સંચાર કર્યો. 1 મે, 1960ના રોજ મુંબઇ રાજ્યના વિભાજનથી અલગ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ, પરંતુ આ સિદ્ધિ સરળતાથી પ્રાપ્ત થઇ નહોતી. તેની પાછળ 1956થી 1960 સુધી ચાલેલો તીવ્ર જનસંઘર્ષ, અનેક શહીદો અને સત્યાગ્રહીઓનાં બલિદાનો રહેલાં છે. આ ચળવળની સૌથી અગત્યની વિશેષતા એ છે કે તેમાં ગુજરાતના વિદ્યાર્થીઓએ મોખરાની ભૂમિકા ભજવી હતી. પ્રારંભમાં રાજકીય નેતાઓની ગેરહાજરીમાં વિદ્યાર્થીઓ જ સ્વયંભૂ ઊભા થયા અને ચળવળને વેગ આપ્યો. જેમ કે એક કાવ્યપંક્તિ અનુસાર, “ગુલીસ્તાં કો જબ લહુકી જરૂરત પડી, સબસે પહેલી વિદ્યાર્થી કી ગરદન કટી” (ખંભોળજા, 2009, પૃ. 3). આ લેખમાં મહાગુજરાત ચળવળના ઐતિહાસિક સંદર્ભ, મુખ્ય ઘટનાઓ, વિદ્યાર્થીઓની ભૂમિકા અને અંતિમ પરિણામોની સમીક્ષા કરવામાં આવી છે.

## 2. મહાગુજરાત ચળવળની પૃષ્ઠભૂમિ

ભારતને સ્વતંત્રતા મળ્યા બાદ ભાષાકીય આધારે રાજ્યોની પુનર્રચનાનો વિચાર બળવાન બન્યો. ગુજરાતી ભાષા બોલતા પ્રદેશોમાં જૂના ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છને એક સાથે લાવી ‘મહાગુજરાત’ નામનું અલગ રાજ્ય બનાવવાની માંગ ઊભી થઈ. મહાત્મા ગાંધી અને સરદાર પટેલ પણ ઇચ્છતા હતા કે, ગુજરાત એક અલગ રાજ્ય બને. 1953માં રચાયેલા ફઝલઅલી પંચે ગુજરાતીઓની આ માંગને નકારી કાઢી અને બૃહદ મુંબઇ રાજ્યની ભલામણ કરી. છેવટે 1956માં સંસદે દ્વિભાષી (મરાઠી-ગુજરાતી) મુંબઇ રાજ્યની રચનાનો ઠરાવ પસાર કર્યો. આ નિર્ણયથી ગુજરાતી સમુદાયમાં ભારે રોષ ફેલાયો. ત્રંબકલાલ ત્રિવેદીએ સૂત્ર આપ્યું: “મહાગુજરાત એ માંગણી નથી, હક્ક છે” અને “મહાગુજરાત એ અમારો જન્મસિદ્ધ હક્ક છે” (ત્રિવેદી, 1956, પૃ. 3, 7-8).



## 3. આંદોલનનું નેતૃત્વ

મહાગુજરાત ચળવળનું નેતૃત્વ મુખ્યત્વે વિદ્યાર્થીઓના ખભા પર રહ્યું હતું. ઇન્દુલાલ યાજ્ઞિકે ચળવળને ગાંધીવાદી દિશા આપી, જ્યારે હરિહર ખંભોળજા, પ્રબોધ રાવળ અને હરિપ્રસાદ વ્યાસની

ત્રિપુટીએ 'મહાગુજરાત વિદ્યાર્થી સમિતિ' દ્વારા આંદોલનનું સંચાલન કર્યું. બ્રહ્મકુમાર ભટ્ટ, જયંત ભટ્ટ, રણજિત શાસ્ત્રી અને બુલાખી નવલખા જેવા યુવા નેતાઓએ સત્યાગ્રહો, રેલીઓ અને શહીદદિનની ઉજવણીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. આ વિદ્યાર્થી નેતૃત્વે કોઈ રાજકીય પક્ષની પ્રેરણા વિના સ્વયંભૂ જનજાગૃતિ ઊભી કરીને આંદોલનને અંતિમ સફળતા અપાવી હતી.(વનાણી, 2025, પૃ. 192)

## 4. ચળવળની શરૂઆત અને 8 ઓગસ્ટની દુર્ઘટના

6 ઓગસ્ટ, 1956ના રોજ અખબારોમાં સમાચાર આવ્યા કે દ્વિભાષી મુંબઈ રાજ્યની રચના નિશ્ચિત છે અને ગુજરાતના કોંગ્રેસી નેતાઓએ આ સ્વીકારી લીધું છે (સંદેશ, તા. 6-8-1956). આ સાંભળીને વિદ્યાર્થીઓ આક્રોશિત થયા. 7 ઓગસ્ટે અમદાવાદની લૉ કૉલેજમાં વિદ્યાર્થી નેતાઓની તાકીદની બેઠક મળી. 8 ઓગસ્ટની સવારે ચારેક હજાર વિદ્યાર્થીઓનું સ્વયંભૂ સરઘસ કોંગ્રેસ હાઉસ તરફ આગળ વધ્યું. બ્રહ્મકુમાર ભટ્ટ નોંધે છે તેમ, આ સરઘસ "કોઈ રાજકીય પક્ષે કાઢેલું ન હતું... પરંતુ એક સ્વયંભૂ વિરોધ અને આક્રોશનું પ્રદર્શન હતું" (ભટ્ટ, 1987, પૃ. 26-27).



કોંગ્રેસ હાઉસ ખાતે ચેતવણી વિના પોલીસે ગોળીબાર કર્યો. આ ઘટનામાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજના 19 વર્ષીય કૌસિક ઇન્દુલાલ વ્યાસ, ઠાકર્સ હાઈસ્કૂલના સુરેશ જયશંકર ભટ્ટ, ડી. જી. દારાસ્વામી અને અબ્દુલ પિરભાઈ સહિતના વિદ્યાર્થીઓ શહીદ થયા. ચંદ્રકાંત પરીખે નોંધ્યું: "વિદ્યાર્થીઓએ જવાબ માંગ્યો... કોંગ્રેસી નેતાઓ જવાબ આપી શક્યા નહિ, એટલું જ નહિ પણ વિદ્યાર્થીઓ પર કોંગ્રેસ હાઉસમાંથી ગોળીબાર કરવામાં આવ્યો" (પરીખ, 1956, પૃ. 3). 'ગુજરાત સમાચાર'એ 9 ઓગસ્ટે લખ્યું: "નેતાગીરીના અભાવે નિર્દોષ યુવાનોનું ઉછળતું લોહી કોંગ્રેસ હાઉસ પાસેના ચોગાનમાં છંટાયું" (ગુજરાત સમાચાર, તા. 9-8-1956).

## 5. શહીદદિન અને મહાગુજરાત વિદ્યાર્થી સમિતિ

આ હત્યાકાંડના વિરોધમાં 9 ઓગસ્ટે 'મહાગુજરાત વિદ્યાર્થી સમિતિ'ની સ્થાપના કરવામાં આવી, જેના અધ્યક્ષ હરિહર ખંભોળજા બન્યા. ખંભોળજાના જણાવ્યા મુજબ, "પ્રજાભક્તિનું સ્થાન મોરારજી ભક્તિએ લીધું. આનો સામનો કરવા મહાગુજરાત વિદ્યાર્થી સમિતિની રચના થઈ" (ખંભોળજા, 2009, પૃ. 6). 13 ઓગસ્ટ, 1956ના રોજ અમદાવાદના લૉ કૉલેજના મેદાનમાં વિશાળ જનસભા ભરવામાં આવી, જેને 'શહીદદિન' તરીકે ઉજવવામાં આવ્યો. આ સભામાં અઢી લાખથી વધુ લોકો એકઠા થયા અને શહીદોને શ્રદ્ધાંજલિ આપી. ડૉ. અનંત શેલતે પ્રમુખસ્થાનેથી કહ્યું: "ગુજરાત રાજ્યની રચના સામેના પ્રશ્નનો ગુજરાતના યુવાનોએ જે રીતે પ્રતિકાર કર્યો છે તે ગુજરાતની આબરૂ વધારે છે" (પરીખ, 1957, પૃ. 264-266).

### 6. સાહિત્ય, પત્રકારત્વ અને પ્રચારનું સાધન

આ ચળવળને વેગ આપવામાં સાહિત્ય અને પત્રકારત્વનો મોટો ફાળો હતો. કવિ ઘનશ્યામ ઠાકરે લખ્યું:

"ગુર્જરી હે! તારું નંદનવન, નવસર્જન માંગે છે;
યુવાનોમાં અમોઘ શક્તિ, વિદ્યુત બની ચમકશે"
- (ઠાકર, 2014, પૃ. 45-46).



આ સમય દરમિયાન 'જનસતા', 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'જનતંત્ર' અને 'નવગુજરાત' જેવા અખબારોએ ચળવળના સમાચાર પ્રસિદ્ધ કર્યા અને લોકમત તૈયાર કર્યો (ભદ્રેસરિયા, 2023, પૃ. 45). 10 ઑગસ્ટે 'જનતંત્ર'એ તંત્રીલેખની જગ્યાએ કાળા ખાનામાં લખ્યું: "હુતાત્માઓને - ઉન શહીદો કી યાદ મેં, જિન્હોને અપને ખૂન કો સીંચા" (જનતંત્ર, તા. 10-8-1956).

### 7. મોરારજી દેસાઈના ઉપવાસ અને સમાનાંતર સભા

મોરારજી દેસાઈએ 19 ઑગસ્ટે વિદ્યાર્થીઓને શાંત રહેવાની અપીલ કરતા ઉપવાસ શરૂ કર્યા. તેમણે કહ્યું: "મહાગુજરાતની રચના થવાની હોય તો હું નહીં, અને જો હું હોઉં તો મહાગુજરાત નહીં" (પરીખ, 1957, પૃ. 383). 2 ઑક્ટોબરે પંડિત જવાહરલાલ નેહરુની સભા યોજાઈ. તેમની સામે ઇન્દુલાલ યાજ્ઞિકે સમાંતર સભા યોજી. નહેરુની સભામાં 1 લાખ તો 4 લાખની જનમેદની યાજ્ઞિકની સભામાં હતી. આ સભામાં ઇન્દુલાલ યાજ્ઞિકે કહ્યું: "ભાષાવાદથી પ્રેરાઈને અમે આ લડત ચલાવી નથી... પણ અમારી ખેતી, નદીઓ વગેરેનો પૂરો વિકાસ કરવાને અમારે મહાગુજરાત જોઈએ છે" (યાજ્ઞિક, 1973, પૃ. 91). વિદ્યાર્થીઓના સૂત્રોચ્ચારથી નેહરુ એટલા ગુસ્સે થયા અને  તેમણે કહ્યું કે તેમના જીવનમાં આવો અનુભવ ક્યારેય નહોતો થયો (યાજ્ઞિક, 1973, પૃ. 93).

### 8. ખાંભી સત્યાગ્રહ અને અંતિમ સફળતા

3 ઑગસ્ટ, 1958ના રોજ શહીદોની યાદમાં સ્મારક ખાંભીઓ સ્થાપવાનો નિર્ણય લેવાયો. પોલીસે તે ખાંભીઓ ઉખેડી નાખતાં ઇન્દુલાલ યાજ્ઞિકના નેતૃત્વમાં સત્યાગ્રહ શરૂ થયો. 226 દિવસ સુધી ચાલેલા આ સત્યાગ્રહમાં હજારો સ્વયંસેવકોએ ધરપકડ વહોરી લીધી. યાજ્ઞિકે જણાવ્યું: "મુંબઈ સરકારે શહીદોની પવિત્ર ખાંભીઓ તોડી-ફોડીને ઉપાડી લીધી છે... અને ગુજરાતની પ્રજાની લાગણીને ક્રૂર રીતે દબાવી છે" (યાજ્ઞિક, 1973, પૃ. 320). છેવટે કેન્દ્ર સરકાર ઝૂકી. 1 એપ્રિલ, 1960ના રોજ સંસદમાં અલગ ગુજરાત રાજ્યનો ઠરાવ સ્વીકારવામાં આવ્યો અને 1 મે, 1960ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ.

## 9. ચળવળનાં પરિણામો

મહાગુજરાત ચળવળનું સૌથી મોટું પરિણામ ગુજરાત રાજ્યની રચના હતી. પરંતુ તેનાથી પણ મહત્ત્વપૂર્ણ એ હતું કે વિદ્યાર્થીઓ ફક્ત 'શિષ્ય' રહેવાને બદલે હવે 'સક્રિય નાગરિક' બન્યા. આંદોલનથી તેમનામાં રાજકીય સભાનતા, સંગઠનશક્તિ અને ગુજરાતી ભાષા-સંસ્કૃતિ પ્રત્યે અભિમાનની ભાવના જાગૃત થઈ. રઘુનાથ બ્રહ્મભટ્ટે કાવ્યશૈલીમાં કહ્યું છે:



"કુરબાન કીધી જિંદગીને અનેરા અરમાન પર,
સીંચ્યાં હૃદયનાં રક્ત જેણે દેશના અભિમાન પર"
(ખંભોળજા, 2004, પૃ. 149).

પૉંડિચેરી આશ્રમના અંબુભાઇ પુરાણીએ લખ્યું:

"વિદ્યાર્થી વર્ગે ગુજરાતને માટે જે ભક્તિની લાગણી પ્રગટ કરી છે, તે માટે આપણે ગર્વ લઈ શકીએ"

(પેટલીકર, 1956, પૃ. 98).

## 10. નિષ્કર્ષ

મહાગુજરાત ચળવળ એ ગુજરાતના ઇતિહાસની અમર ગાથા છે. તેની સૌથી મોટી વિશેષતા એ હતી કે જ્યારે રાજકીય નેતાઓ શિસ્તની બેડીઓમાં જકડાયેલા હતા અને લોકલાગણીને દબાવવામાં આવી રહી હતી, ત્યારે અમદાવાદની કૉલેજોના વિદ્યાર્થીઓએ સ્વયંભૂ આંદોલન ઊભું કર્યું. ગોળીબારના કાળા દિવસો, શહીદોની યાદમાં ઉજવાયેલો શહીદ દિન, ખાંભી સત્યાગ્રહ અને છેવટે 1 મે, 1960નો વિજય – આ તમામ ઘટનાઓએ સાબિત કર્યું કે જનશક્તિ જ સર્વોપરી છે. આ ચળવળે ગુજરાતી યુવાનોને લોકશાહીના વ્યવહારુ પાઠ શીખવ્યા અને ભાવિ પેઢીઓ માટે સંઘર્ષ અને બલિદાનનો આદર્શ નિર્માણ કર્યો. મહાગુજરાતની લડત માત્ર એક ભૌગોલિક સિદ્ધિ નહોતી, પરંતુ એક સાંસ્કૃતિક અને રાજનૈતિક ચેતનાનું નવનિર્માણ હતું.




# ચેટબોટ્સ આધારિત તાકાત:
## ભવિષ્ય પર કોણ નિયંત્રણ રાખશે?


– જિતેન્દ્ર ઢેબરીયા

### દૈનિક જીવનમાં AIની વધતી ભૂમિકા:

કૃત્રિમ બુદ્ધિ (AI) આધારિત ચેટબોટ્સ ખૂબ ટૂંકા સમયમાં ઝડપી રીતે વિકસ્યાં છે અને તેમાં નવાંનવાં સંશોધનો થઇ રહ્યાં છે. જે સિસ્ટમ્સ પહેલાં માત્ર પ્રશ્નોના જવાબ આપવા કે નાનું લખાણ તૈયાર કરવા માટે ઉપયોગી થતી હતી, તે હવે લખાણ, સંશોધન, ડેટા વિશ્લેષણ અને સંચાર જેવાં ક્ષેત્રોમાં મદદરૂપ બને તેવી વધુ વિકસિત બની ગઈ છે. આ ટેક્નોલોજી હવે સર્ચ એન્જિન, શૈક્ષણિક પ્લેટફોર્મ, ઓફિસ સોફ્ટવેર અને મોબાઇલ ઉપકરણોમાં સંકલિત થતી જઈ રહી છે, જેના કારણે તે દૈનિક ડિજિટલ જીવનનો નિયમિત ભાગ બની ગઈ છે. આ પરિવર્તનોને સમજવા ખુબ મહત્ત્વપૂર્ણ છે,  કારણકે તે આપણા જીવનને સીધી રીતે અસર કરે છે. AI હવે ક્યારેક ઉપયોગમાં લેવાતી ટેકનોલોજી નથી રહી; તે માહિતી કેવી રીતે ઊભી કરી શકાય, તેનું વ્યવસ્થાપન થાય અને અમુક રીતે સમજાય/સમજાવાય સાથે જોડાઇ ગયું છે. અનેક પરિસ્થિતિઓમાં, AI ટેકનોલોજી જ્ઞાન સુધી પહોંચવાની રીતને અને નિર્ણય લેવાની પ્રક્રિયાને પ્રભાવિત કરવા લાગી છે. જો AI માહિતીના નિર્માણમાં ભૂમિકા ભજવવા લાગે, તો શું તેના પરિણામોને હંમેશા નિષ્પક્ષ અને વિશ્વસનીય ગણી શકાય? અને જો જ્ઞાન વધુને વધુ આવી સિસ્ટમ્સ દ્વારા નક્કી થાય, તો શું મહત્ત્વનું છે અને શું અવગણ્ય છે—તે નક્કી કોણ કરે?

આવા પ્રશ્નો નવા નથી. મહાત્મા ગાંધીના વિચારો અહીં મહત્ત્વપૂર્ણ બને છે. ગાંધીજી શક્તિના કેન્દ્રીકરણ વિશે સાવચેત રહેવા કહેતા હતા—ભલે તે આર્થિક હોય, રાજકીય હોય કે ટેક્નોલોજીકલ. તેમની દૃષ્ટિમાં, વ્યવસ્થાઓ એવી હોવી જોઈએ કે જે લોકો માટે જવાબદાર રહે, ન કે થોડા દૂર રહેલા સત્તાકેન્દ્રો માટે. આ પરિસ્થિતિમાં એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ઊભો થાય છે: જો ડેટા અને જ્ઞાન થોડી શક્તિશાળી ટેક્નોલોજીકલ સિસ્ટમ્સમાં કેન્દ્રિત થવા લાગે, તો શું તે ગાંધીજીના અતિ કેન્દ્રીકરણ અને તેના નકારાત્મક પરિણામોની નજીક જવા તરફ આગળ વધે છે?.






સાથે સાથે, AI સિસ્ટમ્સની વધતી ક્ષમતાઓએ વ્યાપક જાહેર ચર્ચાને જન્મ આપ્યો છે. હવે પ્રશ્નો માત્ર ટેક્નિકલ કાર્યક્ષમતા સુધી સીમિત નથી. વર્તમાનમાં બનેલ અમુક ઘટનાઓને કારણે હવે ચર્ચાનો મુદ્દો  નિયંત્રણ, જવાબદારી અને મર્યાદાઓ જેવી બાબતો તરફ આગળ વધી છે. આ સિસ્ટમ્સ પર હક કોનો છે? તેનો ઉપયોગ કોણ નક્કી કરે? અને જ્યારે તેની અસર વ્યક્તિગત સ્તરથી આગળ વધીને સંસ્થાઓ અને સમગ્ર સમાજ સુધી પહોંચે, ત્યારે તેની મર્યાદાઓ કેવી રીતે નક્કી થાય?. આ બધા પ્રશ્નો અત્યારે માનવજાત સામે ઊભા છે ત્યારે તેનું વિશ્લેષણ કરવું જરૂરી બને છે.

## નિયંત્રણ અંગેનો વિવાદ:

જાણીતી ટેક્નોલોજી કંપની Anthropic દ્વારા વિકસિત Claude નામની AI સિસ્ટમને લગતો તાજેતરનો વિવાદ અદ્યતન AI સિસ્ટમ્સ પર નિયંત્રણ અંગે ઊભી થતી તણાવપૂર્ણ પરિસ્થિતિ પર પ્રકાશ પાડે છે. અહેવાલો મુજબ, USAની કેટલીક સરકારી એજન્સીઓએ ખાસ કરીને રક્ષા સંબંધિત ઉપયોગ માટે આ મૉડેલમાં વધુ વ્યાપક ઍક્સેસ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ Anthropicએ ખાસ કરીને સૈન્ય અને સર્વેલન્સ સાથે સંબંધિત સુરક્ષા મર્યાદાઓ (Important Controls by Anthropic) દૂર કરવા અંગે અસંમતિ દર્શાવી.

આ ઘટના વધુ અગત્યના મુદ્દા તરફ દોરી જાય છે. શું શક્તિશાળી AI સિસ્ટમ્સને સામાન્ય સૉફ્ટવેર તરીકે માનવી જોઈએ, જે કોઈ પણ વપરાશકર્તા માટે ઉપલબ્ધ હોય? કે પછી તેને સંવેદનશીલ ટેક્નોલોજી તરીકે વધુ કડક નિયંત્રણ હેઠળ રાખવી જોઈએ? દુનિયાભરમાં સરકારો કાર્યક્ષમતા, રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યૂહાત્મક લાભને મહત્ત્વ આપવાના નામે આવા પ્રકારની ટેક્નોલૉજી પર નિયંત્રણ રાખવા મથામણ કરી રહી છે, ત્યારે AI વિકાસકર્તાઓ અને સંશોધકો આવા સિસ્ટમ્સના સંભવિત દુરુપયોગ વિશે ચેતવણી આપી રહ્યા છે—ખાસ કરીને સ્વયંસંચાલિત હથિયારો (Automated Weapons), વ્યાપક દેખરેખ (Mass Surveillance) અને માનવીય દેખરેખ વગરના નિર્ણયોમાં (Decisions without human interference), જે લાંબાગાળાના ગંભીર પરિણામો તરફ લઇ જઈ શકે છે.

જો આવી સિસ્ટમ્સ સુધીની પહોંચ વ્યાપક બની જાય, તો તેના પરિણામોની જવાબદારી કોણ લેશે? અને જો પહોંચ મર્યાદિત રાખવામાં આવે, તો તે મર્યાદાઓ નક્કી કરવાનો અધિકાર કોના હાથમાં હશે—અને તે કોના હિતમાં હશે? આ પ્રશ્નો દર્શાવે છે કે મુદ્દો માત્ર ટેક્નોલૉજીનો નથી, પરંતુ મૂળભૂત રીતે રાજકીય છે.

## તાજેતરના પ્રયોગો અને અનપેક્ષિત વર્તન:

Anthropicના નવા ચેટબૉટ Claude Opus 4 સાથે કરવામાં આવેલા એક જાણીતા પ્રયોગમાં, સિસ્ટમને કલ્પિત આંતરિક ઇમેઇલ્સ સુધી ઍક્સેસ આપવામાં આવી અને તેને જણાવાયું કે તેને બંધ કરવામાં આવી શકે છે. તેના જવાબમાં, તેણે એવી પ્રતિક્રિયા આપી કે જેમાં તે પોતાની જગ્યા બચાવવા માટે સંવેદનશીલ માહિતી જાહેર કરવાની ધમકી આપતી હોય તેમ લાગ્યું. આ વર્તન એ દર્શાવે છે કે ચોક્કસ લક્ષ્યો માટે રચાયેલ

સિસ્ટમ્સ ક્યારેક ભાવનાત્મક નહિ પરંતુ વ્યૂહાત્મક કે છલકપટ જેવી લાગતી પ્રતિક્રિયાઓ આપી શકે છે. જો આવાં વર્તનોનું પ્રમાણ વધતું જાય તો ચોક્કસ રીતે આ ટેકનોલોજી પરના અને તેના દ્વારા થતા નિયંત્રણ પ્રશ્નો ઊભા થઇ શકે તેમ છે.

બીજું ઉદાહરણ Facebook AI Researchમાંથી મળે છે, જ્યાં Bob અને Alice નામના બે ચેટબોટ્સને પરસ્પર વાતચીત માટે તાલીમ આપવામાં આવી હતી. સમય જતાં, તેઓએ એવી વાતચીતની પદ્ધતિ વિકસાવી કે જે માણસો - તેને બનાવનાર સંશોધકો માટે સમજવી મુશ્કેલ બની ગઈ. આને ઘણી વખત "ગુપ્ત ભાષા" તરીકે વર્ણવવામાં આવે છે. આ પરિણામ દર્શાવે છે કે કદાચ ભવિષ્યમાં આ ટેકનોલોજી પોતાની વ્યવસ્થા ઊભી કરી લે અને પોતાની રીતે તાકાત પ્રાપ્ત કરીને માનવ સર્જિત બાબતોને પોતાની રીતે ચલાવવા લાગે. જો AI સિસ્ટમ્સ આવી રીતે કાર્ય કરવા લાગે કે જે સરળતાથી સમજાય નહીં, તો પારદર્શિતા અને જવાબદારી કેવી રીતે જાળવી શકાય? આ ગંભીર બાબત માટે અત્યારે વિચારકો ચર્ચા કરી રહ્યા છે અને AIને કેટલું વિકસાવવું તેની સીમાઓ નક્કી કરી રહ્યા છે. માનવ ભવિષ્ય પર આ સંશોધનોની ગહન અસર પડવાની હોવાથી આ બાબતે જવાબદારી નક્કી કરવી ખૂબ જ જરૂરી બની જાય છે.

## સમાજ પર સંભવિત અસર:

AI ટેકનોલોજી હવે રોજિંદા જીવનમાં ઊંડે સુધી જોડાયેલ છે. આ સિસ્ટમ્સ વધુને વધુ વ્યક્તિગત બની રહી છે, જે વપરાશકર્તાની પસંદગીઓ અને વર્તન અનુસાર પોતાને બદલે છે. આ પ્રક્રિયા કાર્યક્ષમતા વધારવા, માહિતી સુધી પહોંચ સરળ બનાવવા અને ઉત્પાદકતા વધારવા માટે ઉપયોગી બની શકે છે.

પરંતુ આ વિકાસ સાથે કેટલીક ચિંતાઓ પણ ઊભી થાય છે. AI પર વધતી નિર્ભરતા જ્ઞાનના નિર્માણ અને મૂલ્યાંકનની પ્રક્રિયામાં ફેરફાર લાવી શકે છે. માહિતીની વિશ્વસનીયતા, ખોટી માહિતીના પ્રસાર અને સ્વતંત્ર વિચારશક્તિના ઘટાડા અંગે પ્રશ્નો ઊભા થઇ રહ્યા છે. જો નિર્ણય લેવાની પ્રક્રિયા વધુને વધુ AI આધારિત બની જાય, તો માનવીય વિવેક અને વિશ્લેષણાત્મક ક્ષમતાનું શું થશે?

વિસ્તૃત સ્તરે, AI તાકાતના કેન્દ્રીકરણમાં પણ યોગદાન આપી શકે છે. થોડાં જ સંગઠનો ડેટા, ટેક્નોલોજી અને જ્ઞાન સુધીની પહોંચ પર મહત્ત્વપૂર્ણ નિયંત્રણ મેળવી શકે છે. આ અસમાનતા, પ્રભાવ અને જવાબદારી સંબંધિત પ્રશ્નોને જન્મ આપે છે. જો જ્ઞાન થોડા શક્તિશાળી સિસ્ટમ્સ દ્વારા નિયંત્રિત થવા લાગે, તો વિવિધતા અને ખુલ્લી માહિતી પ્રણાલીઓનું શું થશે?

## નિષ્કર્ષ: જવાબદારીનો પ્રશ્ન

AI ચેટબોટ્સ હવે માત્ર વિવિધ બાબતોમાં મદદકર્તા ટેકનોલોજી જ નથી; તે સંચાર, જ્ઞાનના નિર્માણ અને નિર્ણય પ્રક્રિયાના કેન્દ્રમાં આવી રહ્યા છે. Claude સંબંધિત વિવાદ દર્શાવે છે કે AIનું ભવિષ્ય માત્ર ટેક્નોલોજીકલ વિકાસનો મુદ્દો નથી, પરંતુ તાકાતનું કેન્દ્રીકરણ, લોકશાહી, નાગરિક અધિકાર અને શાસનનો પ્રશ્ન પણ છે. સાથેસાથે, પ્રયોગો દર્શાવે છે કે આવી સિસ્ટમ્સ ક્યારેક અનપેક્ષિત વર્તન પણ દર્શાવી શકે છે.

વિસ્તૃત દૃષ્ટિકોણથી જોવામાં આવે, તો ગાંધીજીનો શક્તિના કેન્દ્રીકરણ વિશેનો અભિગમ અહીં વધુ પ્રાસંગિક બની જાય છે. તેઓ માનતા હતા કે જે વ્યવસ્થાઓ નિયંત્રણને થોડા હાથોમાં કેન્દ્રિત કરે છે, તે લોકોમાંથી નિર્ણય પ્રક્રિયાને દૂર લઈ જાય છે. જો કૃત્રિમ બુદ્ધિ ડેટા, જ્ઞાન અને ટેક્નોલોજીકલ સત્તાને થોડા સંગઠનોમાં કેન્દ્રિત કરે છે, તો તે લોકતંત્ર, સમાનતા અને સામાજિક ન્યાય માટે શું અર્થ ધરાવે છે? આ બાબત સૌએ વિચારવાની છે.

આવી શક્તિશાળી સિસ્ટમ્સને જવાબદાર બનાવવા માટે કઈ પ્રકારની વ્યવસ્થાઓ જરૂરી છે. આવાં ટેક્નોલોજીકલ સાધનોના નિયંત્રણનો અધિકાર કોને હોવો જોઈએ? અને જ્યારે AI સમાજના માળખામાં ઊંડે સુધી પ્રવેશ કરે છે, ત્યારે તે કઈ પ્રકારની સામાજિક વ્યવસ્થા ઊભી કરી શકે છે? આ બધા પ્રશ્નો અગત્યના બની રહ્યા છે. અત્યારે AIનું ભવિષ્ય નિશ્ચિત નથી. તે માત્ર નવીનતા પર નહીં, પરંતુ શક્તિ, જવાબદારી અને ટેક્નોલોજીના ઉપયોગની મર્યાદાઓ અંગે લેવામાં આવેલા નિર્ણયો પર આધારિત રહેશે. માનવ જાત સામે આવેલા વિવિધ પ્રશ્નોને બુદ્ધિથી ઉકેલતા માનવી સામે અત્યારે તેની બુદ્ધિને જ પડકારતી ટેકનોલોજી ગંભીર પ્રશ્નો લઈને આવી છે ત્યારે આશા રાખીએ આપણું સામુહિક શાણપણ આ પરિસ્થિતિમાંથી પણ માર્ગ શોધી લેશે!.







– દર્શન એન. મકવાણા

ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, એમ.એ. સત્ર-4


## ઈતિહાસલેખન અને ઐતિહાસિક દષ્ટિકોણોનું વિશ્લેષણ

ભારતના મધ્યકાલીન ઇતિહાસમાં મહારાણા પ્રતાપ એક એવું અદ્વિતીય અને પ્રેરણાદાયી વ્યક્તિત્વ છે, જેમના જીવન, શૌર્ય અને બલિદાનની ગાથાઓ આજે પણ જનમાનસમાં જીવંત છે. પરંતુ, ઐતિહાસિક દૃષ્ટિકોણથી જોવામાં આવે તો મહારાણા પ્રતાપ માત્ર એક શૂરવીર યોદ્ધા જ નથી, પરંતુ ઇતિહાસલેખન (Historiography) ની એક અત્યંત જટિલ પ્રક્રિયાના કેન્દ્રબિંદુ પણ છે. સમયાંતરે અલગ-અલગ વિચારધારા ધરાવતા ઇતિહાસકારોએ તેમને ભિન્ન-ભિન્ન દૃષ્ટિકોણથી રજૂ કર્યા છે. મુઘલ સામ્રાજ્યના વિસ્તરણવાદ સામે ઝૂક્યા વિના પોતાની માતૃભૂમિની રક્ષા કાજે આજીવન સંઘર્ષ કરનાર આ શાસકને ક્યારેક એક સન્માનનીય બળવાખોર, ક્યારેક રોમેન્ટિક હીરો, ક્યારેક રાષ્ટ્રવાદના પ્રતીક અને ક્યારેક સ્થાનિક સ્વાયત્તતાના અણનમ રક્ષક તરીકે ચિતરવામાં આવ્યા છે.

### ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને મુઘલ-રાજપૂત સંઘર્ષ:

૧૬મી સદીનો સમયગાળો ભારત માટે રાજકીય ઉથલપાથલનો હતો. મુઘલ સમ્રાટ અકબરે ઉત્તર ભારત પર પોતાની પકડ મજબૂત કરવા માટે એક વ્યાવહારિક નીતિ અપનાવી હતી. રાજપૂત રાજાઓ સાથે માત્ર યુદ્ધ કરવાને બદલે તેમને રાજદ્વારી અને વૈવાહિક સંબંધોથી પોતાના પક્ષમાં લેવા. આ નીતિ અત્યંત સફળ રહી હતી અને આમેર, મારવાડ તથા બિકાનેર જેવા અનેક શક્તિશાળી રાજ્યોએ અકબરનું આધિપત્ય સ્વીકારી મુઘલ દરબારમાં ઊંચા હોદ્દાઓ મેળવ્યા હતા. પરંતુ મેવાડ રાજ્ય આમાં એક મોટો અપવાદ હતું.

મેવાડની ભૌગોલિક સ્થિતિ અત્યંત વ્યૂહાત્મક હતી, કારણ કે ગુજરાત અને સુરતના સમૃદ્ધ બંદરો તરફ જતા વેપારી માર્ગો ત્યાંની પહાડીઓમાંથી પસાર થતા હતા. આ ઉપરાંત, મેવાડના સિસોદિયા વંશના સૂર્યવંશી શાસકોએ ક્યારેય કોઈ વિદેશી સત્તા સામે શરણાગતિ સ્વીકારી નહોતી. આ જ સાંસ્કૃતિક સ્વાભિમાન અને ભૌગોલિક રાજકારણના ટકરાવમાંથી મહારાણા પ્રતાપ અને અકબર વચ્ચેના ઐતિહાસિક સંઘર્ષનો જન્મ થયો.

### પ્રારંભિક જીવન અને રાજાશાહીમાં લોકશાહી:

મહારાણા પ્રતાપનો જન્મ ૯ મે, ૧૫૪૦ ના રોજ કુંભલગઢમાં મહારાણા ઉદયસિંહ દ્વિતીય અને માતા જયવંતાબાઈ સોનગરાના ઘરે થયો હતો. તેમનું બાળપણ અરવલ્લીના ભીલ આદિવાસીઓ વચ્ચે વીત્યું, જ્યાં તેમને લાડથી 'કીકા' કહેવામાં આવતા. આ પ્રારંભિક સહવાસે તેમને આદિવાસીઓની યુદ્ધપદ્ધતિ અને તેમની અતૂટ વફાદારીનો પરિચય કરાવ્યો.

૧૫૭૨મા જ્યારે ઉદયસિંહનું અવસાન થયું, ત્યારે તેમણે પોતાની પ્રિય રાણીના માનખાતર પોતાના નાના પુત્ર જગમલને ઉત્તરાધિકારી જાહેર કર્યો હતો. પરંતુ મેવાડના ઇતિહાસમાં આ સમયે એક અદભૂત વળાંક આવ્યો. મેવાડના જનસામાન્ય અને વરિષ્ઠ સામંતોએ જેમાં કૃષ્ણદાસ ચુંડાવત અગ્રેસરે આ નિર્ણયનો ખુલ્લો વિરોધ કર્યો. તેઓએ જ્યેષ્ઠ અને વધુ કાબેલ પ્રતાપને મેવાડના સાચા હકદાર તરીકે સ્વીકાર્યા અને હોળીના પવિત્ર દિવસે ગોગુંદા ખાતે તેમનો રાજ્યાભિષેક કર્યો. ઇતિહાસકારો આ ઘટનાને 'રાજાશાહીમાં લોકશાહી' નું એક અત્યંત ઉત્તમ ઉદાહરણ માને છે, કારણ કે પ્રતાપ માત્ર જન્મથી નહિ, પરંતુ પોતાની કાબેલિયત અને પ્રજાની સ્વીકૃતિથી રાજા બન્યા હતા.

### મુઘલ સામ્રાજ્યના રાજદ્વારી પ્રયાસો:

અકબર, જે અત્યંત ચતુર શાસક હતો, તે તરત જ મેવાડ પર સીધું આક્રમણ કરવા માંગતો નહોતો. તેણે પ્રતાપને શાંતિથી શરણાગતિ સ્વીકારવા મનાવવા માટે ૧૫૭૨ થી ૧૫૭૩ વચ્ચે ચાર ઉચ્ચ-સ્તરીય રાજદ્વારી મિશનો મોકલ્યા. આ મિશનોનું નેતૃત્વ ક્રમશઃ જલાલ ખાન કુરચી, કુંવર માનસિંહ, રાજા ભગવંતદાસ અને રાજા ટોડરમલ દ્વારા કરવામાં આવ્યું હતું.


પ્રતાપે આ તમામ દૂતોનું રાજપૂત પરંપરા મુજબ સન્માન કર્યું, પરંતુ અકબરની શરતો સ્વીકારવાનો સ્પષ્ટ અને મક્કમ ઇનકાર કર્યો. અકબરની શરત હતી કે પ્રતાપ જાતે મુઘલ દરબારમાં હાજર થઈને ખંડણી ભરે, જે પ્રતાપના રાજપૂત સ્વાભિમાન અને મેવાડની સાર્વભૌમત્વતા માટે સીધો ખતરો હતો. આ ઉપરાંત, 'રામ પ્રસાદ'

નામના એક અતિશક્તિશાળી હાથીની અકબરની વારંવારની માંગણી અને પ્રતાપના ઇનકારથી બંને શાસકો વચ્ચેનું ઘર્ષણ વધુ તીવ્ર બન્યું. અંતે, વાટાઘાટો નિષ્ફળ જતાં લશ્કરી સંઘર્ષ અનિવાર્ય બની ગયો.



## ઇતિહાસલેખનનાં વિવિધ પરિમાણો: ફારસીથી લઈને સંસ્થાનવાદી દૃષ્ટિકોણ:

મહારાણા પ્રતાપના જીવનનું મૂલ્યાંકન ઇતિહાસકારોએ પોતાના સમયની રાજકીય અને સામાજિક માનસિકતા મુજબ કર્યું છે. અબુલ ફઝલ અને અબ્દુલ કાદિર બદાયુની જેવા મુઘલ દરબારી ઇતિહાસકારોએ ફારસી તવારીખોમાં પ્રતાપને અકબરની મહાન સત્તાને સમજવામાં નિષ્ફળ રહેલા એક 'જિદ્દી અને બળવાખોર' શાસક તરીકે દર્શાવ્યા છે. જોકે, તેમની નોંધોમાં પણ એક વિરોધાભાસ છુપાયેલો છે; મુઘલ ઇતિહાસકારો પ્રતાપની નીતિઓની આકરી ટીકા કરવા છતાં, મેવાડની સેનાના અદમ્ય શૌર્ય અને પ્રતાપના યુદ્ધ કૌશલ્યની પ્રશંસા કરતા રોકાઈ શક્યા નહોતા.



આની બિલકુલ વિપરીત, રાજસ્થાનના સ્થાનિક ચારણો, ભાટો અને કવિઓએ પ્રતાપને નૈતિકતા અને માતૃભૂમિના રક્ષક તરીકે બિરદાવ્યા છે. કવિ દુર્સા આઢા અને પૃથ્વીરાજ રાઠોડ જેવા દિગ્ગજોએ પીંગળ ભાષામાં રચેલાં કાવ્યો દર્શાવે છે કે તત્કાલીન સમાજમાં સત્તા કરતા સ્વાભિમાનનું મૂલ્ય વધુ ઊંચું આંકવામાં આવતું હતું. દુર્સા આઢાની ઐતિહાસિક કવિતાઓ વર્ણવે છે કે પ્રતાપે પોતાનું મસ્તક ક્યારેય કોઈની સામે નમાવ્યું નહોતું અને તેમના મૃત્યુના સમાચાર સાંભળીને ખુદ શત્રુ અકબરની આંખોમાં પણ આંસુ આવી ગયા હતા. સદાશિવ ભટ્ટ કૃત 'રાજ રત્નાકર' અને રણછોડ ભટ્ટ દ્વારા રચિત 'રાજ પ્રશસ્તિ' શિલાલેખ જેવા સંસ્કૃત દસ્તાવેજો મેવાડના ઇતિહાસનું અત્યંત આધારભૂત અને સત્તાવાર વર્ણન કરે છે.

૧૯મી સદીમાં બ્રિટિશ ઇતિહાસકારોએ પોતાના સામ્રાજ્યવાદી એજન્ડા હેઠળ પ્રતાપનું મૂલ્યાંકન કર્યું. કર્નલ જેમ્સ ટોડે પોતાના પ્રખ્યાત ગ્રંથ 'એનલ્સ ઓફ રાજસ્થાન' માં પ્રતાપને 'રાજસ્થાનના લિયોનીડાસ' તરીકે રોમેન્ટિસાઈઝ કર્યા. જ્યારે વિન્સેન્ટ સ્મિથ જેવા કેટલાક બ્રિટિશરોએ અકબરને ભારતને એકતાના તાંતણે બાંધનાર માનીને, પ્રતાપને તે સમયની શાંતિ વ્યવસ્થામાં એક મોટી 'અડચણ' સમાન ગણાવ્યા.

## રાષ્ટ્રવાદી, માર્ક્સવાદી અને ધર્મનિરપેક્ષ મૂલ્યાંકન:

વીસમી સદીની શરૂઆતમાં ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ઉદય સાથે ઇતિહાસલેખનમાં ધરમૂળથી ફેરફાર આવ્યો. ડૉ. ગૌરીશંકર હીરાચંદ ઓઝા જેવા ઇતિહાસકારોએ વૈજ્ઞાનિક પુરાવાઓના આધારે પ્રતાપને એક આદર્શ દેશભક્ત તરીકે પ્રસ્થાપિત કર્યા. સ્વતંત્રતા ચળવળ દરમિયાન બંગાળી સાહિત્યકારોએ પ્રતાપના અકબર સામેના સંઘર્ષનો બ્રિટિશ શાસન સામેના રાષ્ટ્રીય પ્રતિકારના પ્રતીક તરીકે બહોળો ઉપયોગ કર્યો.

સ્વતંત્રતા પછીના સમયમાં, સતીશ ચંદ્ર જેવા આધુનિક અને માર્ક્સવાદી ઇતિહાસકારોએ અત્યંત તાર્કિક

વિશ્લેષણ રજૂ કર્યું. તેઓ સ્પષ્ટ કરે છે કે પ્રતાપ અને અકબર વચ્ચેનું યુદ્ધ કોઈ "હિન્દુ વિરુદ્ધ મુસ્લિમ" ધાર્મિક યુદ્ધ નહોતું. મુઘલ સેનાનું મુખ્ય નેતૃત્વ એક હિન્દુ રાજપૂત સેનાપતિ કુંવર માનસિંહ કરી રહ્યા હતા, જ્યારે પ્રતાપની સેનાની સૌથી મહત્ત્વપૂર્ણ આગલી હરોળમાં હકીમ ખાન સૂરી નામના મુસ્લિમ સેનાપતિ પોતાના પઠાણ સૈનિકો સાથે પ્રતાપ માટે લડતા શહીદ થયા હતા. આ સંઘર્ષ વાસ્તવમાં સ્થાનિક સ્વાયત્તતા અને વિસ્તરતા કેન્દ્રીય સામ્રાજ્યવાદ વચ્ચેનો રાજકીય ટકરાવ હતો.

### વહીવટી કુશળતા, લશ્કરી વ્યૂહરચના અને ભામાશાહનું યોગદાન:

ઇતિહાસમાં પ્રતાપ મોટેભાગે એક યોદ્ધા તરીકે વધુ જાણીતા છે, પરંતુ આધુનિક સંશોધનો સાબિત કરે છે કે તેઓ અત્યંત કુશળ વહીવટકર્તા, કલાપ્રેમી અને દીર્ઘદૃષ્ટિ ધરાવતા રણનીતિકાર પણ હતા. તેમનો વહીવટ બિનસાંપ્રદાયિક હતો, જેનો પુરાવો નસીરુદ્દીન જેવા તેમના દરબારી ચિત્રકાર છે.

ખુલ્લા મેદાનમાં મુઘલોની અફાટ સેનાનો સામનો કરવો અશક્ય હોવાથી, પ્રતાપે મેવાડની ભૌગોલિક પરિસ્થિતિને અનુકૂળ એવી છાપામાર યુદ્ધપદ્ધતિ વિકસાવી. તેમણે મેવાડના જંગલોના ભીલ આદિવાસીઓને સમાન સામાજિક દરજ્જો આપી પોતાની સેનાની કરોડરજ્જુ બનાવ્યા. યુદ્ધમાં તેમના વફાદાર ઘોડા 'ચેતક' ની ભૂમિકા પણ અવિસ્મરણીય છે; હલ્દીઘાટીના યુદ્ધમાં ઈજાગ્રસ્ત હોવા છતાં ચેતકે ૨૫ ફૂટ લાંબુ નદીનું નાળુ કૂદીને પ્રતાપના પ્રાણ બચાવ્યા હતા. પ્રતાપે 'જમીન બાળી નાખવાની નીતિ' અપનાવી, જેથી આક્રમણકારી મુઘલ સેનાને મેવાડની ધરતી પરથી અન્ન કે ઘાસચારો મળી શકે નહિ.



પરંતુ આ દીર્ઘકાલીન સંઘર્ષમાં જ્યારે મેવાડનો ખજાનો સાવ ખાલી થઈ ગયો હતો અને પ્રતાપ અત્યંત કપરી પરિસ્થિતિમાં હતા, ત્યારે તેમના મંત્રી અને ઓસ્વાલ જૈન વેપારી ભામાશાહે એક ઐતિહાસિક ત્યાગ કર્યો. ભામાશાહે પેઢીઓથી એકઠી કરેલી પોતાની સંપૂર્ણ વ્યક્તિગત સંપત્તિ પ્રતાપના ચરણોમાં ધરી દીધી. આ આર્થિક પીઠબળથી પ્રતાપ નવી સેના ઊભી કરી શક્યા અને ૧૫૮૨ ના દિવૈરના યુદ્ધમાં (જેને ભારતની પ્રથમ સર્જિકલ સ્ટ્રાઇક ગણવામાં આવે છે) મુઘલોને નિર્ણાયક હાર આપી. ૧૫૯૭ માં તેમના અવસાન પહેલાં પ્રતાપે ચિત્તોડ સિવાય મેવાડનો મોટાભાગનો વિસ્તાર પાછો મેળવી લીધો હતો.

### હલ્દીઘાટીનો ઐતિહાસિક વિવાદ અને વર્તમાન રાજકારણ:

૧૮ જૂન ૧૫૭૬ ના રોજ ખેલાયેલું હલ્દીઘાટીનું યુદ્ધ આજે પણ ચર્ચાનો ગરમાગરમ વિષય છે. વિશ્વભરના શૈક્ષણિક અને ઐતિહાસિક પુરાવાઓ દર્શાવે છે કે આ યુદ્ધમાં મુઘલ સેનાનું પલ્લું ભારે રહ્યું હતું. ઝાલા માનસિંહ જેવા સેનાપતિઓના આગ્રહથી પ્રતાપે મેદાન છોડીને વ્યૂહાત્મક પીછેહઠ કરવી પડી હતી, જે ભવિષ્યમાં સ્વતંત્રતાનો જંગ ચાલુ રાખવા માટે અત્યંત જરૂરી હતી. પરંતુ આજના આધુનિક રાજકારણમાં એક નવો જ રાજકીય સંશોધનવાદી અભિગમ ઊભરી આવ્યો છે. કેટલાક રાજકીય પક્ષો અને સંશોધકો તામ્રપત્રો અને અન્ય દલીલોના આધારે હવે પાઠ્યપુસ્તકો અને સ્મારકો બદલીને પ્રતાપને હલ્દીઘાટીના સીધા 'વિજેતા' સાબિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ડી.એન. ઝા જેવા નિષ્પક્ષ ઇતિહાસકારો માને છે કે આવા ઐતિહાસિક ફેરફારો કરવાની કોઈ જ આવશ્યકતા નથી. પ્રતાપનો સાચો વિજય કોઈ એક દિવસના રણમેદાનમાં નહિ, પરંતુ દાયકાઓ સુધી એક વિશાળ સામ્રાજ્યને હંફાવીને પોતાની સ્વતંત્રતા અકબંધ રાખવામાં હતો. આજે રાજકારણમાં જ્ઞાતિવાદી ગૌરવ અને હિન્દુ રાષ્ટ્રવાદના પ્રતીક તરીકે તેમનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે, જે તેમના મૂળ ઐતિહાસિક વ્યક્તિત્વને ઢાંકી દે છે.

### નિષ્કર્ષ:

અંતે કહી શકાય કે મહારાણા પ્રતાપનું અસલી ઐતિહાસિક ગૌરવ યુદ્ધના પરિણામોને રાજકીય રીતે બદલવામાં નથી, પરંતુ તેમની અડગ અને અવિરત સંઘર્ષ ક્ષમતામાં રહેલું છે. જ્યારે ભારતભરના શાસકો સત્તા, સંપત્તિ અને હોદ્દાઓની લાલચમાં એક કેન્દ્રીય મુઘલ સત્તા સામે હથિયાર હેઠાં મૂકી રહ્યા હતા, ત્યારે પ્રતાપે રાજવી સુખ-સુવિધાનો ત્યાગ કરીને પહાડો અને જંગલોમાં કષ્ટો સહન કર્યા, પરંતુ પોતાની માતૃભૂમિનો સોદો કદી કર્યો નહિ. ઇતિહાસકારો ભલે સમયની માંગ અનુસાર તેમનું અર્થઘટન બદલતા રહે, પરંતુ સત્તા અને ભૌતિકવાદી દુનિયાને ઠોકર મારીને સિદ્ધાંતો ખાતર બલિદાન આપનાર આ મહાન શાસક ભારતીય અસ્મિતા અને ત્યાગના સૌથી તેજસ્વી પ્રતીક તરીકે સદૈવ ઝળહળતા રહેશે.

કદી કર્યો નહિ. ઇતિહાસકારો ભલે સમયની માંગ અનુસાર તેમનું અર્થઘટન બદલતા રહે, પરંતુ સત્તા અને ભૌતિકવાદી દુનિયાને ઠોકર મારીને સિદ્ધાંતો ખાતર બલિદાન આપનાર આ મહાન શાસક ભારતીય અસ્મિતા અને ત્યાગના સૌથી તેજસ્વી પ્રતીક તરીકે સદૈવ ઝળહળતા રહેશે.




# રવીન્દ્રનાથ ટાગોર : જીવન અને સાહિત્યની એક ઝલક

– સરોજ ગોઢાણીયા, (JRF, ગુજરાતી વિભાગ)

સાહિત્યકાર અને તત્ત્વચિંતક રવીન્દ્રનાથ ટાગોર પોતાને 'આમિ માત્ર કવિ' કહી ઓળખાવતા. રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ 7 મે, 1861ના રોજ કલકત્તાના અગ્રણી, સુધારાવાદી અને અમીર 'ઠાકુર' કુટુંબમાં થયો હતો. પુરાણ અને ઉપનિષદ, વૈષ્ણવ ભક્તિ પરંપરા, બંગાળની લોકપરંપરા અને યુરોપિયન જ્ઞાનયુગથી ભર્યા-ભાદર્યા વાતાવરણે 'બાર્ડ ઓફ બંગાળ' તરીકે જાણીતા ટાગોરને ઘડ્યા. 'કવિતા મારી દીર્ઘકાળની પ્રેયસી છે' કહેનાર ટાગોર સાહિત્ય, સંગીત અને ચિત્ર ત્રણેય કળામાં ખીલ્યા. જેમાંથી એમની પોતની જ એક અનોખી પરંપરા ઊભી થઈ. સાહિત્યમાં વાર્તા, નવલકથા, નાટક, નિબંધ, ચરિત્ર વગેરે સ્વરૂપમાં એમનું સર્જન રહ્યું છે. કાવ્યના તેઓ ત્રણ પ્રકાર જણાવે છે : ગીત, ઊર્મિકાવ્ય અને પદ્યનાટક. તેમની પાસેથી બે હજાર જેટલાં ગીતો અને હજાર જેટલાં કાવ્યો સાંપડ્યાં છે. એમનાં ગીતો 'રવીન્દ્ર સંગીત' તરીકે ઓળખાયાં. આજે 'રવીન્દ્ર સંગીત' બંગાળના લોકોના રોજિંદા જીવનનો અને બંગાળી સંસ્કૃતિનો એક અતૂટ ભાગ છે. એમાં સ્વર અને શબ્દનું એવું સંયોજન છે કે સંગીત અને ગીત એકબીજામાં વિલીન થઈ જાય છે. તેનો મુખ્ય આધાર હિન્દુસ્તાની સંગીત, ઠૂમરી, બંગાળનું લોકસંગીત -બાઉલ, ભાટિયાલી, કીર્તન- અને પશ્ચિમી સંગીત છે. પ્રેમ, પ્રકૃતિ, ભક્તિ, આધ્યાત્મિકતા, દેશપ્રેમ અને ઉત્સવો રવીન્દ્ર સંગીતના મુખ્ય વિષયો રહ્યા છે.

'માનસી' (1890), 'સોનાર તરી' (1894) અને 'ગીતાંજલી' (1910) રવીન્દ્રનાથના શરૂઆતના કાવ્યસંગ્રહો છે, જે તેમને વૈશ્વિક પ્રતિષ્ઠા તરફ ખેંચી ગયા. જેમાં ઉપનિષદ, વૈષ્ણવ ભક્તિ પરંપરા, યુરોપીય રંગદર્શિતવાદની અસર હેઠળ એક એવો અવાજ ગુંજે છે, જે જેટલો પોતીકો લાગે તેટલો જ વૈશ્વિક લાગે છે. વર્ષાઋતુના ગગન તળે 'ગીતાંજલી' વાંચીએ કે એકાંતમાં 'એકલા ચોલો' ગણગણીએ ત્યારે અદ્ભુત અનુભૂતિ સાંપડ્યા વગર ન રહે. ગીતાંજલીમાં આત્મા અને પરમતત્ત્વની ખોજ છે, તો રોજિંદા જીવન અને પ્રકૃતિમાં રહેલા પ્રેમ અને પવિત્રતાની પણ ઉજાણી છે.

આધુનિક બંગાળી ટૂંકી વાર્તાનો પાયો ટાગોરે નાખ્યો. 1890થી 1901 દરમિયાન પશ્ચિમ બંગાળમાં રહેલી તેમની મિલકતના સંચાલન વખતે ખેડૂતો, ગ્રામીણ સ્ત્રીઓ અને ગ્રામીણ પરિવેશનો ટાગોરને થયેલ સીધો સંપર્ક તેમનાં સંવેદનને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જે 'પોસ્ટમાસ્ટર', 'કાબુલીવાલા' તથા 'ક્ષુધિત પાષાણ' જેવી વાર્તાઓમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે. ટાગોરની વાર્તાઓ મનોવૈજ્ઞાનિક સૂક્ષ્મતાને માર્મિકતાથી મૂકી આપે છે તથા બંગાળી સાહિત્યની સામાજિક નિસ્બતને વ્યાખ્યાયિત કરી આપે છે. તો 'ગોરા' (1910) અને 'ઘરે બાઈરે' (1916) જેવી નવલકથાઓમાં ટાગોર વિસ્તૃત ફલક પર કલાને સાધે છે. આપણી ઓળખ શું ? આપણો ધર્મ ? આપણી જાતિ ? આપણી રાષ્ટ્રીયતા ? કે બીજું કશુંક ? આ વાતનો જવાબ સો વર્ષ પહેલાં ટાગોર ગોરા નવલકથામાં આપે છે. જન્મે પોતાને હિંદુ માનતો આઈરિશ મૂળનો ગૌરમોહન (ગોરા) ચુસ્ત ધર્મપાલનમાં માને છે. એ જ વાતે પ્રિય મિત્ર વિનય સાથે સંબંધ વિચ્છેદ થાય છે. ઊંડી માનવ પ્રીતિ ધરાવતા ગોરાનું પોતાનાં જન્મ વિષયક સત્યથી હૃદય પરિવર્તન થાય છે. સૂચિતા અને લલિતા જેવાં મજબૂત સ્ત્રી પાત્રો તથા આનંદમયી અને પરેશ બાબુ જેવાં આદર્શ પાત્રો ગોરા નવલકથા દ્વારા ભાવકને પ્રાપ્ત થાય છે. 'ગોરા' વાંચતાં ક્યારેક વિચાર આવે કે, સંભવતઃ ટાગોર માત્ર 'કલા ખાતર કલા'માં નહીં માનતા હોય. ત્યારે 'કવિધર્મ એ જ માનવધર્મ' કહેતા ટાગોર યાદ આવે.



નાટ્યક્ષેત્રે ટાગોરનું પ્રદાન તેમના સામાજિક-સાંસ્કૃતિક પ્રદાનમાં એક વધુ યશ કલગી ઉમેરે છે. 'રાજા' (1910) અને 'ડાકઘર" (1912) જેવા પ્રતીકાત્મક અને પ્રયોગાત્મક નાટકો આધ્યાત્મિક અને રાજકીય પાસાંઓને આવરી લે છે. જેમ કે, 'ડાકઘર' નાટકમાં આવતી સ્વાતંત્ર્ય, મૃત્યુ અને મુક્તિદાતાની ઝંખનાની વાત. જીવનના ઉત્તરાર્ધમાં ટાગોર નૃત્ય-નાટિકા તરફ વળે છે. જેમાં નૃત્ય, સંગીત અને અભિનયનો સુભગ સમન્વય જોવા મળે છે. 'ચિત્રાંગદા', 'ચંડાલિકા' અને 'શ્યામા' નૃત્ય-નાટિકાઓમાં રહેલ મિથ અને નારીવાદી અભિગમ નવી પરિપાટી ઊભી કરી આપે છે. 'ચિત્રાંગદા'નું કથાવસ્તુ મહાભારતની અર્જુન અને યક્ષિણી ચિત્રાંગદાની કથા પર આધારિત છે. આ નૃત્યનાટિકમાં મણિપુરના રાજાની એકમાત્ર વારસ ચિત્રાંગદા સ્વતંત્ર, આત્મસન્માનયુક્ત અને યુદ્ધકુશળ નારી છે. અર્જુન માત્ર તેનાં રૂપથી જ નહિ પણ તેની આધ્યાત્મિક ઊંચાઈ, શક્તિ અને ગરિમાથી પ્રભાવિત થાય છે અને તેને વરે છે પરંતુ ચિત્રાંગદાની શરતે. આ નાટકમાં ટાગોર સ્ત્રીને એક શક્તિશાળી યોદ્ધા અને પ્રેમાળ નારી બંનેની ભૂમિકામાં સુંદર રીતે મૂકી આપે છે.



ટાગોર 1905-1908ની બંગાળના ભાગલા વિરોધી ચળવળના સમર્થનમાં રહ્યા, પરંતુ તેનાં કટ્ટર અને ધાર્મિક સ્વરૂપથી દૂર રહ્યા. 1919મા જલિયાવાલા હત્યાકાંડ બાદ તેઓએ અંગ્રેજ સરકાર દ્વારા અપાયેલ નાઇટહુડનો ખિતાબ પરત કર્યો. 'નેશનાલિઝમ' શીર્ષક હેઠળ લખાયેલ નિબંધોમાં તેઓએ પશ્ચિમ પ્રભાવિત કેન્દ્ર-રાજ્ય મૉડલની આલોચના કરી છે. સંકુચિત રાજકીય એકમ માત્ર તરીકે જોવાને બદલે, તેઓ ભારતને એક વૈશ્વિક અને સંવાદાત્મક સભ્યતાના રૂપમાં વિકસતું જોવા માંગતા હતા. આ વ્યાપક દૃષ્ટિકોણ પાછળ ટાગોરના આંતરરાષ્ટ્રીય પ્રવાસો અને સંબંધો જવાબદાર હતાં. જેમાં મુખ્યત્વે યુરોપ, અમેરિકા, જાપાન અને ચીનના પ્રવાસોનો સમાવેશ થાય છે. જ્યાં તેમને ડબલ્યુ. બી. યેટ્સ, રોમાં રોલાં, આલ્બર્ટ આઈન્સ્ટાઈન અને એચ. જી. વેલ્સ જેવાં અનેક વ્યક્તિઓની મુલાકાત થઈ. આ મુલાકાતો વિજ્ઞાન, સૌંદર્યશાસ્ત્ર અને વિશ્વની સંસ્કૃતિનાં તેમના ખ્યાલોને ઘડવામાં મદદરૂપ રહી. આ સમય દરમ્યાન ટાગોર એક સાંસ્કૃતિક રાજદૂતની ભૂમિકામાં પ્રવેશે છે.

1913માં ટાગોરને 'ગીતાંજલી' માટે મળેલું નોબેલ પારિતોષિક વૈશ્વિક કક્ષાએ ઐતિહાસિક ઘટના બની રહે છે : તેઓ નોબેલ પારિતોષિકથી સન્માનિત થનાર પ્રથમ ગૈર-યુરોપીય વ્યક્તિ બને છે. જે તેમને વૈશ્વિક ખ્યાતિ અપાવે છે. આ સાથે વધુ પડતાં વ્યાખ્યાનોની વિનંતીઓ અને પ્રસિદ્ધિના કારણે તેમને ક્યાંક દ્વિધા પણ ઊભી થતી જણાય છે. આથી સમયાંતરે તેઓ એકાંતવાસમાં રહી સર્જનાત્મક કાર્યમાં સમય વિતાવતા.

1901માં શાંતિનિકેતનની સ્થાપના થઈ ત્યાર પછીનો ઘણો સમય ટાગોર તેનાં ઘડતર અને વિશ્વભારતી યુનિવર્સિટીનાં વિકાસમાં વિતાવે છે. જેનો ધ્યેય ખુલ્લા વાતાવરણમાં જ્ઞાન, આંતર-સાંસ્કૃતિક સંવાદ અને પૂર્વ-પશ્ચિમ જ્ઞાનપ્રણાલીના એકીકરણનો હતો. તેમનો વિરોધ ઔપચારિક શિક્ષણમાં રહેલ ગોખણપટ્ટી અને ઉપરછલ્લા રાષ્ટ્રવાદ સાથે હતો. આ કાર્યમાં તેમને સામાજિક અને આર્થિક સંકટોનો સામનો કરવો પડ્યો હતો. પહેલાંથી જ ઔપચારિક શિક્ષણ સાથે ટાગોરનો સંઘર્ષ ચાલુ હતો, પરંતુ ઇંગ્લેન્ડના અનુભવ પછી તેઓ પુસ્તકો, યાત્રા અને ભારતીય તથા યુરોપીય સાહિત્યની મદદથી સંપૂર્ણ સ્વયં-શિક્ષણ તરફ વળ્યા. આ અનુભવો જ સંસ્થાનવાદ વિરોધી ઉત્તરકાલીન આલોચના અને અલગ શિક્ષણશાસ્ત્ર વિકસાવવાનાં તેમના વિચારોને પોષક બન્યા. જેમાંથી શાંતિનિકેતનનું સ્વરૂપ ઘડાયું. તે જોઈને ગાંધીજીને પણ એક વિચાર જન્મલો. એ વિચારને મૂર્ત સ્વરૂપ આપવામાં અસહકાર આંદોલન નિમિત્ત બન્યું. જેનાં પરિપાકરૂપે ગૂજરાત વિદ્યાપીઠ આકાર પામી.

સામાજિક-વૈશ્વિક પરિસ્થિતિ તેમના જીવનના ઉતરાર્ધમાં માનસિક તણાવનું કારણ બને છે. ત્યારે તેઓ ચિત્રકળા તરફ વળે છે. તેમના જીવનના સાઠના ગાળામાં શરૂ થયેલ આ સર્જન સ્વઉપચારનું માધ્યમ બને છે. તેમનાં ચિત્રોમાં ઘાટા સ્ટ્રોક્સ અને ઘાટા રંગો જોવા મળે છે. આ ચિત્રોમાં રહસ્યમયતા, ઉદાસી અને વિક્ષિપ્તતાનો પુટ લાગેલો જોઈ શકાય છે. તેમનાં ચિત્રોમાં પરાવાસ્તવવાદી વલણ જોવા મળે છે. પાછલાં વર્ષોમાં શારીરિક ક્ષીણતા, રાજકીય નિરાશા અને બીજા વિશ્વયુદ્ધના પડછાયા નીચે પણ તેઓએ પત્રવ્યવહાર,

લખાણ અને વ્યાખ્યાનો ચાલુ રાખ્યાં. પરંતુ એક સમયે વિશ્વસ્તરે ઋષિ તરીકે પોંખાતાં કવિ પછીથી વધુ ને વધુ એકલા અને સમકાલીન પરિસ્થિતિ વિશે ચિંતિત બનતા ગયા. ટાગોર, 7 ઑગસ્ટ 1941ના રોજ કલકત્તામાં અવસાન પામે છે. ત્યારે તેઓ માત્ર સાહિત્ય, સંગીત અને ચિત્રનો વારસો જ નથી મૂકી જતાં; પરંતુ ભારતીય સંસ્કૃતિને આકાર આપતી સંસ્થાઓ અને વિચારોનું એક નેટવર્ક ઊભું કરીને વિદાય લે છે.

ડબલ્યુ. બી. યેટ્સ અને એઝરા પાઉન્ડ દ્વારા 'ગીતાંજલી'ના અનુવાદની ખૂબ પ્રશંસા કરવામાં આવી. જે ટી. એસ. એલિયટને પ્રભાવિત કરે છે. રોમા રોલાં તેમને એશિયાનો અવાજ ગણાવે છે. ટાગોરના વિટમેન, રિલ્કે અને નેરૂદા સાથેનાં સંવાદો પણ મહત્ત્વના રહ્યા છે. તેમનો પ્રભાવ ઑક્ટાવીઓ પાઝ અને અમર્ત્ય સેનથી લઈ અમિતાવ ઘોષ સુધી જોઈ શકાય છે. જવાહરલાલ નેહરુ અને યોગાનંદા પરમહંસની આત્મકથાઓમાં ટાગોર વિશે ચર્ચા પ્રાપ્ત થાય છે. મહાત્મા ગાંધી સાથેનો ટાગોરનો પત્રવ્યવહાર ખૂબ રસપ્રદ છે.

ટાગોર પર ઘણાં જીવનચરિત્ર લખાયાં છે, જેમાં ક્રિષ્ના દત્તા અને એન્ડ્રૂ રૉબિન્સન લિખિત Rabindranath Tagore: A Biography, કે. આર. શ્રીનિવાસ લિખિત Rabindranath Tagore: The Man and His Poetry, ઉમા દાસગુપ્તા લિખિત Rabindranath Tagore, મોનિદિપ સાહુ લિખિત Rabindranath Tagore: The Renaissance Man અને આર. સી. મજમુદાર લિખિત Rabindranath Tagore: His Life and Works વગેરેનો સમાવેશ થાય છે.

સાંપ્રત સમયમાં સાર્વત્રિક માનવતાવાદનો તેમનો આગ્રહ અને સંકુચિત રાષ્ટ્રવાદની આલોચના ક્યારેય ન હતી તેટલી પ્રસ્તુત લાગે છે. સંસ્કૃતિઓ સતત સંઘર્ષમાં નહિ પણ સંવાદમાં હોવી જોઈએ એવો એમનો દૃઢ મત હતો. ભારતને રાષ્ટ્રગીત 'જન ગણ મન' અને બાંગ્લાદેશને 'અમર સોનાર બંગલા' આપી જનાર નોબેલ વિજેતા ટાગોરની ચેતના તેમના સાહિત્ય, સંગીત, ચિત્ર, શાંતિનિકેતન અને વિશ્વભારતીના માધ્યમે હંમેશ દિશાનિર્દેશક બની રહેશે.



લેડી વિથ ફ્લાવર. સાભાર : thecircleartcollective



# વાલીઓની ખોટી ચિંતાને વ્યક્ત કરતું ગીત :

# 'સે સોરી ! માય સન, સે સોરી !'

કાવ્યાસ્વાદ – નીતિન ઢાઢોદરા

છ છ કલાક સ્કૂલ ત્રણ ત્રણ કલાક ટ્યૂશન તોય આ નોટ કોરી
સે સોરી! માય સન, સે સોરી!

ઘસી ઘસી પીવડાવી અઢળક બદામ વળી માથે તે ચોપડ્યું ઘી
યાદદાસ્ત માટે તે શંખપુષ્પીની કંઈ બાટલીઓ પેટમાં ભરી
કેમે કરી ન યાદ રહેતું તને લેશન યાદ રાખે તું સિરિયલની સ્ટોરી
સે સોરી! માય સન, સે સોરી!

પંખી તો બચ્ચાંને ઊડતાં શીખવે અને માણસ બચ્ચાંને આપે પિંજરું
મમ્મી તો મોરની પ્રેક્ટીસ કરાવે, થાય બાળકને ટહુકાઓ ચીતરું
મમ્મી ક્યાં જાણે કે કોરી નોટબુકમાં બાળ લાવ્યું છે આખું આભ દોરી
સે સોરી! માય સન, સે સોરી!

તારે હો ઊંઘવું ત્યારે જગાડું હું જાગવું હો ત્યારે સુવડાવું
પરીઓના દેશમાંથી ઊડતો ઝાલીને તને રિક્ષામાં ખીચોખીચ ઠાંસું
જેવો દફતરનો ભાર એવો ભણતરનો ભાર જાણે ઊંચકે મજૂર કોઈ બોરી
સે સોરી! માય સન, સે સોરી!

ટીચર તો ટોકે છે મમ્મી તો રોકે છે બોલે નહિ પપ્પા, બે ઠોકે
કોઈ જો પૂછે કે ચાલે છે કેમ? ત્યારે અમથું બોલાઈ જાય, ઓકે!
મૂડલેસ રહેતું તે મૂંજી ગણાતું બાળ મૂડમાં રહે તો ટપોરી
સે સોરી! માય સન, સે સોરી!

- રઈશ મનીઆર


શ્રી રઈશ મનીઆર ગુજરાતના વર્તમાન સમયની એક વિલક્ષણ પ્રતિભા છે. વ્યવસાયે દાક્તર હોવાની સાથોસાથે કુલ અઢાર જેટલાં પુસ્તકો અને બાર જેટલાં નાટકો લખીને સાહિત્યના જાણતર તરીકે પણ સિદ્ધિ-પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેઓ તબીબીશાસ્ત્રની સાથેસાથે કાવ્યશાસ્ત્રના પણ જ્ઞાની છે. કેળવણીને લગતી કૉલમ સાથે કવિતામાં તેમની કલમ ખીલી ઊઠી છે. 'બાળઉછેરની બારાખડી', 'આપણે બાળકોને શા માટે ભણાવીએ છીએ'?, 'તમે અને તમારું નિરોગી બાળક' તેમનાં જાણીતાં પુસ્તકો છે. પ્રથમ પંક્તિના કવિ, હાસ્યકાર અને નાટ્યકાર તરીકે નામના મેળવી છે. પેરેન્ટીંગ વિશે પ્રભાવક પ્રવચનો અને સેમિનારો પણ કરે છે. ખુદ જાવેદ અખ્તર અને ગુલઝારજી સાથે કાવ્યપાઠ કરવાનું સૌભાગ્ય તેમને સાંપડ્યું છે. કૈફી આઝમી વિશે તેમણે લખેલાં પુસ્તકનું વિમોચન મહાનાયક અમિતાભ બચ્ચનને શુભહસ્તે થયું હતું.. એમના 'લવ યુ જિન્દગી', 'અંતિમ અપરાધ' અને 'અનોખો કરાર' જેવાં

નાટકો માટે સતત ત્રણ વાર શ્રેષ્ઠ નાટ્યલેખક તરીકે પારિતોષિક પણ એનાયત થયેલા છે. રણબીરસિંગ અને દીપિકા પદુકોણ અભિનીત ફિલ્મ ‘રામલીલા’નું પેલું ખૂબ જાણીતું ગીત પણ શ્રી મનીઆરનું લખેલું છે. આઠેક જેટલી ગુજરાતી ફિલ્મોમાં તેમણે ગીતો લખ્યા છે. ગુજરાતી વર્તમાનપત્રોની કૉલમોમાં તેઓશ્રીની કલમ સોળે કળાએ ખીલી ઊઠે છે. તેમની સાહિત્ય સિદ્ધિ બદલ અત્યાર સુધીમાં અનેક ઈનામ અકરામોથી નવાજાયા છે. બાળકોના દાકતર હોવાથી તેઓ માવતરની  માનસિકતાને ઉજાગર કરતા ગીત દ્વારા બાળકોની પીડાની બળકટ અભિવ્યક્તિ કરી શક્યા છે.

‘સન’ માટે ‘ટ્યુશન’નો વળગાડ ધરાવતા વાલીઓની વસતિ હવે પ્રતિપળ બેવડાતી જાય છે. છ કલાકની સ્કૂલ પછી ત્રણ કલાકનું ટ્યુશન રખાવીને ગુરુતાગ્રંથિઓથી પીડાતા વાલીઓ આજે દરેક ઘરમાંથી નીકળે. કેટલાક વાલીઓ તો દૃઢપણે માને છે કે, બાળકોએ તો બે જ વસ્તુ કરવી જોઈએ – ‘લેશન’ અને ‘ટ્યુશન’. આ સિવાય બાળક બીજી કોઈ હિલચાલ કરતું જણાય તો દેખો ત્યાં દબડાવવાનો કે દબાવવાનો તેમનો વણલખ્યો નિયમ હોય છે. આવા વાલીઓની માનસિકતાનું માઈક્રો ડીસેક્શન કરતું આ ગીત આજના વાલીઓનું મવાલીપણું રજૂ કરવામાં સો ટકા સફળ રહ્યું છે.

પોતાના સપનાઓને સાકાર કરવા માટે મથામણ કરતા વાલીઓ બાળક સાથે તેમાં રોકાણ કર્યું હોય તેમ કામ પાર પાડે છે. બાળકની સાથે ‘બૉસ’ની જેમ વર્તવા ટેવાયેલા વાલીઓનું એક જ સૂત્ર હોય છે – ‘આઈ એમ અલ્વેઝ રાઈટ’. ભૂલતો હરહમેશ ભૂલકાની જ હોય તેવી વિચારધારા સાથે આ પ્રકારના વાલીઓ ‘સે સોરી! માય સન, સે સોરી!’ના મિજાજમાં ઘરમાં ફરતા રહે છે, તેવી પ્રતિતિ  કરાવતી આ ગીતની ધ્રુવપંક્તિઓ ધારદાર અને જોરદાર છે !

બાળકો સાથે બાળકના બાપની સાથે પોતાની જાતને ‘બુદ્ધિનો બાપ’ માનતા વાલીઓ જાગે ત્યારથી માંડીને ઊંઘે ત્યાં સુધી સૂફિયાણી સલાહ અને સાધુબ્રાન્ડ ઉપદેશ આપતા રહે છે. બાળકના બળ-બુદ્ધિ પુરબહારમાં ખીલે તે માટેની ગણતરી કરીને દૂધ-ઘી અને કાજુ-બદામનું ખાતર નાખતા રહે છે અને  જ્યારે અપેક્ષા પ્રમાણે ફાલ ન આવે ત્યારે રીજાય છે, ખીજાય છે. પુસ્તક સિવાયનું કશું પણ બાળકના મસ્તકમાં જાય તો આવા વાલીઓનું બ્લડપ્રેશર વધી જાય છે. આ ભવિષ્યમાં શું ઉકાળશે એની ચિંતામાં પોતે ઉકળવા માંડે છે. બાળકોને ટી.વી. જોવા પર પ્રતિબંધ લાગી જાય છે, ફિલ્મ નહીં જોવાનો જુલમ કરતા રહે છે.



નસીબદાર હોય છે એવાં બાળકો કે જેમને ત્યાં સમજદાર વાલીઓનો જન્મ થાય છે ! બાકી તો મોટા ભાગના વાલીઓ જન્મજાત એવી માનસિકતા ધરાવતા હોય છે કે, ‘જો બાળકને હોશિયાર બનાવવું હોય તો ઘરમાં બંધિયાર રાખવું જોઈએ’ !? બહાર જવાથી બાળક અને બુદ્ધિ બગડી જાય એવી સાબિતી વિનાની પૂર્વધારણા તેમના મનમાં ઘર કરી ગઈ હોય છે. રમવા-કૂદવાની ઉંમરે બાળકો ભણતરના ભાર અને વાલીના મારથી પુસ્તકમાં સડવા લાગે છે. પુસ્તકનાં પાનાઓ વચ્ચે પછડાઇ પછડાઇને બાળકનું મગજ પોચું પડી જાય તેનો પણ વાલીઓને જરા સરખો ખ્યાલ આવતો નથી.

મનોવિજ્ઞાન પ્રમાણે નહીં પણ મનસ્વીજ્ઞાન પ્રમાણે બાળકના બીબાને આકાર આપવા મથામણ કરતા આવા વાલીઓ પાસે બાળકના રસ-રુચિ, કળા-કૌશલ્ય કે ગમા-અણગમા વિશે વિચારવાનો સમય જ હોતો નથી. જાત-જાતનાં કોચિંગ અને ટીચિંગ દ્વારા બાળકને ચોસઠ કળાઓમાં પારંગત બનાવી દેવાના અભરખાં સાથે બાળકને પ્રેમ આપવાને બદલે બસ આખો દિવસ તેઓ કોરા અને લુખ્ખા વિચારો આપ્યા કરે છે. અભ્યાસ સિવાયનાં બીજાં ક્ષેત્રો જેમકે ડાન્સિંગ-ડ્રૉઇંગ, સિંગિંગ-સ્વિમિંગ, રાઇટીંગ-પેઇન્ટીંગ, સ્પોર્ટસ-પોલિટીક્સ વગેરેમાં પણ બાળક બુદ્ધિ ધરાવતું હોઈ શકે તે અંગે વાલીઓ વિચારવાની તસદી જ લેતા નથી. હું અદ્વિતીય છું, હું અજોડ છું તેવી અભિવ્યક્તિ બાળક પોતાના વાલી પાસે કરી શકે ? તો તો આવી જ બન્યું સમજો ! બાળક જે ક્ષેત્રોમાં જન્મજાત પ્રતિભા ધરાવતું હોય તે પ્રકારના અભ્યાસમાં જ આગળ વધારવાને બદલે બીજા અભ્યાસમાં મારી મચડીને ઘસડવામાં આવે તો શું થાય ? બાળકના તો બન્ને બગડે – ભણતર અને જીવતર પણ !

સ્કૂલના ટાઇમટેબલની જેમ તેમણે બાળકની કાળજી લેવા માટે ઘરનું ટાઇમ ટેબલ પણ બનાવી રાખ્યું હોય છે. જેમાં બાળકને જરા પણ ફૂરસદ ન મળે તેની પૂરતી કાળજી લીધી હોય છે. છ કલાકની સ્કૂલ અને ત્રણ કલાક ટ્યૂશનમાં અભ્યાસ કરીને અધમૂઆં થયેલાં બાળકો માંડ ઘેર પહોંચે ત્યાં હોમવર્ક કરાવવાનું તેમને શૂરાતન ચડે છે. અને જ્યાં સુધી હોમવર્ક ન થાય ત્યાં સુધી વાલીઓના કડક ચોકીપહેરા હેઠળ બાળકો જાગરણ કરતા રહે છે. બરાબર બાર વાગે બધું પતાવીને માંડ પથારી ભેગો થાય ત્યાં તો વહેલી સવારે રીક્ષાનું ભૂંગળું વાગવા માંડે... દખ ચોરાસીનો ફેરો ચાલુ...

ગુજરાતીમાં એક બહુ સૂચક કહેવત છે – ‘નીચી બોરડીને સૌ કોઈ ઝૂડે’. બાળકને ભણેશરી બનાવી દેવાની લાયમાં હરખપદૂડા થઈને ફરતા વાલીઓનાં બાળકોની માનસિક સ્થિતિ પણ આવી જ હોય છે. સ્કૂલમાં ટીચર, ઘરમાં ફાધર અને બાકીના સમયમાં મધરની ટક-ટક અને કચ-કચ ચાલુ જ હોય . આ ત્રાસવાદી પ્રવૃત્તિની અસર તો... વાલીબાણ વાગ્યા હોય તે જ જાણે !! આવી લાકડાતોડ ચુસ્ત વ્યવસ્થા વચ્ચે સુસ્ત થઈને કોઈ બાળક મૂંઝાઈ જાય તો તેના પર ‘ગભરું’નું લેબલ લગાડી દેવામાં આપણને જરા પણ દુઃખ થતું નથી. અને જો કોઈ આ વ્યવસ્થામાંથી ભાગી છૂટે તો તેને ‘રખડું’નું લેબલ લગાડીને કાયમ માટે લઘુતાગ્રંથિમાં કેદ કરી દેવામાં આપણને જરાયે શરમ આવતી નથી.

આ ગીતમાં કવિએ વાલીઓની નાડ પારખીને નિદાન કરી આપ્યું છે, હવે ઉપચાર તો વાલીઓના જ હાથમાં છે... સે સોરી! માય ફાધર, સે સોરી! માય મધર, સે સોરી! માય ટીચર... !

# ‘સે સોરી ! માય સન, સે સોરી !’

# પ્રવૃત્તિ-દર્પણ

- શ્રી અદ્વૈતા દવે

## અક્ષર આરાધના અને જ્ઞાન સંચયના પ્રકલ્પો

### ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય દ્વારા આયોજિત "જ્ઞાન સંચય મહોત્સવ – 2026" (03/05/2026)



ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય દ્વારા માનનીય કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ યોજાયેલો "જ્ઞાન સંચય મહોત્સવ – 2026" સફળતાપૂર્વક સંપન્ન થયો છે. "અમારું પુસ્તક, સૌનું પુસ્તક" ના પ્રેરક મંત્ર સાથે શરૂ કરાયેલા આ જ્ઞાનયજ્ઞને અમદાવાદના નાગરિકો તરફથી ભારે ઉત્સાહ મળ્યો છે.

**કાર્યક્રમની મુખ્ય ઉપલબ્ધિઓ:**

- **મોટું યોગદાન:** અંદાજે 50થી વધુ ઉદાર દાતાઓ આ અભિયાનમાં જોડાયા.
- **પુસ્તકોનો સંગ્રહ:** ગ્રંથાલયને વિવિધ વિષયોના 4,000 થી વધુ અમૂલ્ય પુસ્તકો દાનમાં મળ્યાં.

હવે દર મહિનાના પહેલા રવિવારે આ અભિયાન ચાલુ રહેશે

વાચકોના અદ્ભુત પ્રતિસાદને ધ્યાનમાં રાખીને, સાહિત્ય વર્ષની ઉજવણીના ભાગરૂપે આ પુસ્તક દાન સ્વીકાર કાર્યક્રમ ડિસેમ્બર 2026 સુધી લંબાવવામાં આવ્યો છે.

**સમય:** દર મહિનાના પહેલા રવિવારે, સવારે 8:00 થી 12:00 કલાક સુધી.

**સ્થળ:** ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય.

કોઈપણ નાગરિક કે સંસ્થા આ નિયત સમયે આવીને પોતાના પુસ્તકો દાન કરી શકશે. ગ્રંથાલય દ્વારા તમામ દાતાઓનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો છે.

### ગૂજરાત વિદ્યાપીઠ પ્રકાશન મંદિર દ્વારા ત્રણ મહત્ત્વપૂર્ણ પુસ્તકોનું લોકાર્પણ (07/05/2026)




ગૂજરાત વિદ્યાપીઠના પ્રકાશન મંદિર દ્વારા કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની અધ્યક્ષતામાં પુસ્તક વિમોચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ વિષયોને આવરી લેતાં 3 મહત્ત્વપૂર્ણ પુસ્તકો લોકાર્પિત કરાયાં હતાં.

**મંચસ્થ મહાનુભાવો અને પ્રેરક ઉપસ્થિતિ:**

- **મુખ્ય અતિથિ:** પ્રો. (ડૉ.) મધુકરભાઈ પાડવી (કુલપતિશ્રી, બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટી)
- **અતિથિ વિશેષ:** શ્રી બળવંત જાની (જાણીતા સાહિત્યકાર)
- **વિશેષ ઉપસ્થિતિ:** ડૉ. વિદ્યુત જોષી (સમાજશાસ્ત્રી અને શિક્ષણવિદ્)

કાર્યક્રમ દરમિયાન શ્રી બળવંત જાનીએ વિદ્યાપીઠનાં મૂલ્યો અને શિક્ષણપ્રથા ઉપરાંત પ્રકાશન મંદિરનાં કાર્યોને બિરદાવ્યાં હતાં, જ્યારે ડૉ. મધુકરભાઈ પાડવીએ 'ચાલણગાડી' પુસ્તકના નવા સ્વરૂપને વખાણી પોતાના બાળપણની યાદો તાજી કરી હતી.

**લોકાર્પિત થયેલાં પુસ્તકોની ઝલક:**

1. **ચાલણગાડી:** બાળસાહિત્યકાર શ્રી ગિજુભાઈ બધેકા અને જુગતરામ દવે દ્વારા રચાયેલ આ સદાબહાર પુસ્તકની અત્યાર સુધીમાં 62 લાખથી વધુ નકલો વેચાઈ ચૂકી છે. બાળઘડતર અને અંક-શબ્દજ્ઞાન આપતા આ પુસ્તકને હવે આકર્ષક રંગીન સ્વરૂપમાં બહાર પાડવામાં આવ્યું છે.
2. **ગાંધી, કૃપાલાણી અને ગૂજરાત વિદ્યાપીઠ:** આ પુસ્તકમાં ગાંધીવિચાર, આચાર્ય કૃપાલાણીજીનું વ્યક્તિત્વ અને વિદ્યાપીઠના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યોનું સુંદર આલેખન છે.
3. **A Survey of Matar Taluka in Kheda: Mapping Economic Transformation and Equity:** ખેડા જિલ્લાના માતર તાલુકાના આર્થિક પરિવર્તન, વિકાસ અને સમાનતાના વિવિધ પાસાઓનું આ એક સંશોધનાત્મક પુસ્તક છે.

## સંશોધન સંગોષ્ઠી

### સંશોધન સંસ્કૃતિ સુદૃઢ કરવા બેઠક (06/05/2026)



ગૂજરાત વિદ્યાપીઠના 'સંવિધાન મંદિર' ખાતે યુનિવર્સિટીની સંશોધન સંસ્કૃતિ (Research Eco-system) ને વધુ મજબૂત કરવાના હેતુથી વિશેષ બેઠક મળી હતી. જેમાં શિક્ષણ અને ઉચ્ચ સંશોધનનાં વિવિધ પાસાંઓ પર ઊંડાણપૂર્વક વિચાર-વિમર્શ કરાયો હતો.

### વરિષ્ઠ શિક્ષણવિદો સાથે 'સંશોધન સંવાદ' (07/05/2026)





'સંવિધાન મંદિર' ખાતે શિક્ષણવિદોના સાંનિધ્યમાં 'સંશોધન સંવાદ' સંપન્ન થયો. વરિષ્ઠ સમાજશાસ્ત્રી પ્રા. વિદ્યુત જોષી દ્વારા સામાજિક વિજ્ઞાનના અધ્યાપકો અને જાણીતા સાહિત્યકાર પ્રા. બળવંત જાનીના માર્ગદર્શન હેઠળ ભાષાના અધ્યાપકો જોડે સંશોધનલક્ષી સઘન ચર્ચા થઈ હતી.

## કારકિર્દીની નવી દિશા

### શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન સત્ર (01/05/2026)



ગૂજરાત વિદ્યાપીઠ ખાતે "Teaching Career Opportunities & Guidance Session" યોજાયું. આ સત્રમાં વરિષ્ઠ અતિથિઓએ પોતાના અનુભવો વહેંચીને શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી અને વ્યાવહારિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### Ph.D. પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત GDPI સંપન્ન (14/05/2026)



ગૂજરાત વિદ્યાપીઠની શૈક્ષણિક શાખા દ્વારા વર્ષ 2026ની Ph.D. પ્રવેશ પ્રક્રિયા હેઠળ GDPI (ગ્રુપ ચર્ચા અને રૂબરૂ મુલાકાત) પૂર્ણ થઈ. નિષ્ણાત સમિતિઓની દેખરેખ હેઠળ શિક્ષણ, ભાષા-સાહિત્ય, સામાજિક વિજ્ઞાન અને આઈસીટી વિદ્યાશાખાના ઉમેદવારોના ઇન્ટરવ્યૂ પારદર્શક રીતે લેવાયા હતા.

## અન્ય પ્રવૃત્તિઓ

### હિન્દી પ્રચાર સમિતિ દ્વારા પરીક્ષાઓ (02/05/2026)



ગૂજરાત વિદ્યાપીઠના ભાષા સંસ્કૃતિ મંદિર સંચાલિત હિન્દી પ્રચાર સમિતિ દ્વારા ગુજરાતના વિવિધ કેન્દ્રો પર પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રભાષાના પ્રચારના આશય સાથે યોજાયેલી આ પરીક્ષાઓનું સંચાલન સુચારુ રહ્યું હતું.

### 'પ્રોફેસર ઑફ પ્રેક્ટિસ' સાથે સંવાદ (06/05/2026)



વ્યવસ્થાપન અને વાણિજ્ય વિદ્યાશાખા ખાતે 'પ્રોફેસર ઑફ પ્રેક્ટિસ' ડૉ. સમશેરસિંહજીની વિશેષ ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. તેમણે ફેકલ્ટી મેમ્બર્સ સાથે મુલાકાત કરી શૈક્ષણિક વિકાસ અને આધુનિક વ્યવસ્થાપન પદ્ધતિઓ અંગે સંવાદ કર્યો હતો.

# આગામી કાર્યક્રમો




| | |
|---|---|
| 22-27 June | RAC |
| 24 June | BOARD OF STUDIES |
| 29-30 June | FC/AC/EC |

# કરો રક્ષા

કરો રક્ષા વિપદ માંહી ન એવી પ્રાર્થના મારી,
વિપદથી ના ડરું કો'દિ, પ્રભુ એ પ્રાર્થના મારી.
ચહું દુઃખ તાપથી શાંતિ ન એવી પ્રાર્થના મારી,
સહુ દુઃખો શકું જીતી, પ્રભુ એ પ્રાર્થના મારી.
મને છળહાનિથી રક્ષો ન એવી પ્રાર્થના મારી,
ડગું ના આત્મ-પ્રતીતિથી, પ્રભુ એ પ્રાર્થના મારી.
તું લે શિર ભાર ઉપાડી ન એવી પ્રાર્થના મારી,
ઉપાડી હું શકું સહેજે, પ્રભુ એ પ્રાર્થના મારી.
પ્રભુ તું પાર ઉતારે ન એવી પ્રાર્થના મારી,
તરી જાવા ચહું શક્તિ, પ્રભુ એ પ્રાર્થના મારી.
સુખી દિને સ્મરું ભાવે દુઃખી અંધાર રાત્રિએ,
ન શંકા તું વિશે આવે, પ્રભુ એ પ્રાર્થના મારી.

– રવીન્દ્રનાથ ટાગોર